શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા પુષ્પ - ૧

# વૈરાગ્યશતક આદિ

# કુલકસંગ્રહ-૧

# કુલકસંગ્રહ-૨

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

| | |
|---|---|
| **આજ્ઞા અને આશીર્વાદ** | : સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ<br>પ. પૂ. આ. ભ. શ્રીમદ્<br>**વિજય જયઘોષસૂરીશ્વરજી** મ. સા.<br><br>રાજપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્<br>**વિજય રત્નસુંદરસૂરીશ્વરજી** મ. સા. |
| **સંપાદક** | : મુનિ ભવ્યસુંદરવિજય |
| **પ્રકાશક** | : શ્રમણોપાસક પરિવાર<br>**A/301,** હેરિટેજ હોલી એપાર્ટમેન્ટ,<br>જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ (વેસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૮૦.<br>કિશોરભાઈ **Mo. 98691 48094**<br>**shraman.parivar@gmail.com** |

**આવૃત્તિ** : પ્રથમ **વર્ષ** : વિ. સં. ૨૦૭૨

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

ભવોદધિત્રાતા

સંયમદાતા

ગ્રહણ-આસેવનશિક્ષાપ્રદાતા

ગુરુદેવ

પ્રવચનપ્રભાવક

પ. પૂ. આ. ભ. શ્રી **વિજય**

**રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.**ના

સંયમજીવનની

સુવર્ણજયંતિ

(૫૦ વર્ષ)

પ્રસંગે

તેઓશ્રીના પાવન ચરણકમલમાં

સાદર સમર્પણ...

મુનિ ભવ્યસુંદરવિ..

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| મુંબઈ | પ્રકાશક |
| અમદાવાદ | **શ્રી બાબુલાલ સરેમલજી શાહ**<br>'સિદ્ધાચલ' બંગલો, હીરા જૈન સોસાયટી,<br>રામનગર, સાબરમતી, અમદાવાદ - 380005.<br>ફોન. 079-2750 5720.<br>(મો.) 94265 85904. |
| સુરત | **શ્રી પરેશભાઈ કાંતિલાલ શાહ**<br>E-1/403, નીલકંઠ રેસિડેન્સી,<br>ન્યુ ક્રોસ રોડ, અમરોલી, સુરત - 394107.<br>ફોન. (મો.) 93235 59466. |
| અન્ય સ્થળો | (કુરિયરથી મંગાવવા માટે)<br>ભાવેશભાઈ (મો.) 94288 32660<br>વિશાલભાઈ (મો.) 98985 08480 |

# સ્વાધ્યાયનો સ્વાદિષ્ટ
# <u>રસથાળ</u>

પ્રાણવાયુ વિના
શરીરને જીવંત રાખવું
અશક્ય.
પાણી વિના
બગીચાને લીલોછમ રાખવો
અશક્ય.
તંદુરસ્ત અને મજબૂત મૂળ વિના
વૃક્ષને ધરતી પર ટકાવી રાખવું
અશક્ય.
બસ, એ જ ન્યાયે
સ્વાધ્યાય વિના
સંયમજીવનને જીવંત રાખવું,
ધબકતું રાખવું,
ટકાવી રાખવું
અશક્ય.

જ્ઞાનસાર નામના ગ્રંથમાં તો
સ્વાધ્યાય [જ્ઞાન] નો
તપમાં સમાવેશ કરી દીધો છે!
બસ સ્વાધ્યાય માટેનો એવો
સ્વાદિષ્ટ રસથાળ વિદ્વદ્વર્ય
મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજીએ
રજૂ કરી દીધો છે કે જેને જોતાવેંત
જ એને આરોગી લેવાનું અને
આરોગતા રહેવાનું મન થયા વિના
ન રહે.

૫૦ જેટલા ગ્રંથોમાંથી ૧૫૦૦૦
જેટલા શ્લોકો અને ગાથાઓ
અને એમાંથી લગભગ ૩૦૦૦ ગાથાઓ

પસંદ કરીને જિજ્ઞાસુઓ, બાળકો
અને મુમુક્ષુઓ સમજી શકવાના
એમણે કરેલા આ સ્તુત્ય અને
સાત્ત્વિક પ્રયાસોની અનુમોદના
કરવા માટે તમારા શબ્દો ઓછા
પડે છે.

પણ સબૂર!
ઘોડાને જળ ભરેલા સરોવર
પાસે લઈ જઈ શકાય છે પણ
પાણી તો ઘોડાએ મુખે જ પીવું
પડે છે.

બસ, સંયમી પૂજ્યોને એટલું
જ કહીશ કે વિદ્વદ્વર્ય મુનિવરશ્રીએ
સ્વાધ્યાય માટેનો સાત્ત્વિક રસથાળ
આપે રજૂ તો કરી દીધો છે પણ
રુચિ અને પ્રસન્નતા અનુભવવા
એ સાત્ત્વિક રસથાળના
દ્રવ્યોને આરોગવાનો પુરુષાર્થ
તો આપણે પોતે જ કરવો
પડશે.

સ્વાધ્યાય યોગના આ સાધકો
આપણે સહુ આપણાં આત્મદ્રવ્યને
નિર્મળ કરતા રહેવામાં હેવા.
શુભ કૃપાએ સફળ બનીએ એ
જ અંતરની શુભકામના સાથે

લિ.
રત્નસુંદરસૂરિ

## ગાથા ગુંજન...

વૈરાગ્યના ઉપદેશને..

આચારના અનુષ્ઠાનોને..

અધ્યાત્મના બોધને..

દ્રવ્યાનુયોગના પદાર્થોને..

આત્મલક્ષી ભાવનાઓને..

આત્માના વિકાસક્રમને..

યોગ અને અધ્યાત્મના તત્ત્વોને..

પ્રાકૃત ગાથાઓ કે સંસ્કૃત શ્લોકોમાં ગૂંથીને જ્ઞાની મહાપુરુષોએ અજબ-ગજબનો ઉપકાર કરી દીધો છે.

અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા એ મહાપુરુષોએ જે નિર્મળ અને દુર્લભ શુભ ભાવોનો સ્પર્શ કર્યો.. વૈરાગ્યના જે સંવેદનો અનુભવ્યા.. આગમિક - શાસ્ત્રીય પદાર્થોને ગુરુ-પરંપરાથી ઝીલ્યા.. તે ભાવસૌંદર્યને તેમણે સુંદર ગાથાઓમાં કે શ્લોકોમાં મઢી લીધું..

આઠ-નવ ગાથાના કોઈ અષ્ટકથી માંડીને સેંકડો અને સહસ્રાધિક શ્લોકોથી સમૃદ્ધ એવા વિરાટકાય અદ્‌ભુત ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે.

ગાથાઓ કંઠસ્થ કરવાની પાવન પરંપરા છેક પ્રભુ વીરના સમયથી આજ સુધી ચતુર્વિધ સંઘમાં ચાલી રહી છે.

આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટીસૂરિ મ. સા. રોજની ૧ હજાર ગાથા કંઠસ્થ કરતા હતા.

સાંભળ્યું છે કે પૂ. આત્મારામજી મ. સા. રોજની ૩૦૦ ગાથા કંઠસ્થ કરતા હતા.

પેથડમંત્રી રાજદરબારમાં જતા-આવતા પાલખીમાં બેસીને ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કરતા હતા.

આજે પણ અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો એવા છે કે જેમને ૫ હજાર કે ૧૦ હજારથી પણ વધુ ગાથાઓ કંઠસ્થ છે.

શ્રાવક વર્ગમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણથી આગળ ગોખવાનું ચલણ ઘણું ઓછું છે. શ્રમણ-શ્રમણી વર્ગમાં પણ ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિમાં ઓટ આવતી જાય છે અને કંઠસ્થ કર્યા પછી નિયમિત પુનરાવર્તન દ્વારા તેને ઉપસ્થિત રાખવાનું તો વધુ મંદ બન્યું છે.

ગાથા કંઠસ્થ કરવાના અને ટકાવવાના લાભો અપરંપરા છે. તે છતાં તે બાબતની જે ઉપેક્ષા દેખાય છે તેના કારણો તપાસીએ તો એક મહત્ત્વનું કારણ તરત ઊડીને આંખે વળગે છે - તે છે ...

સૂત્ર ગ્રંથોના વિશાળ કદ.

ઉપદેશમાળા ગ્રંથ વૈરાગ્યનો અદ્‌ભુત ગ્રંથ છે. પૂ. ગુરુદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ઉપદેશમાળા કંઠસ્થ કરવાની ખાસ પ્રેરણા કરતાં. પરંતુ તેની ૫૪૪ ગાથાનો આંકડો જોઈને જ હિંમત બહુ ઓછી થાય. તેથી સંપૂર્ણ ગ્રંથ ગોખવાનો જેમને ઉત્સાહ ન હોય તેમને ચૂંટેલી ગાથાઓ ગોખવા કહેતાં.

જૈન સાહિત્યમાં સારોદ્ધારની પણ એક સુંદર પરંપરા જોવા મળે છે. સંક્ષેપરુચિવાળા જીવો વિશાળકાય ગ્રંથના અર્કને સારોદ્ધાર દ્વારા પ્રાપ્ત કરીને પચાવી શકે. સારોદ્ધારની પરંપરાને નજર સામે રાખીને વિદ્વદ્વર્ય,

પ્રખર શાસ્ત્રાભ્યાસી અને અધ્યાપનકુશલ મુનિપ્રવર શ્રી ભવ્યસુંદરવિજય મ. સા.એ ગ્રંથો કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ જોર પકડે તે ઉમદા ભાવનાથી વિશેષરૂપે કંઠસ્થ કરવા લાયક અનેક ગ્રંથોની ચૂંટેલી ગાથાઓ સંગ્રહિત કરી છે, જે પુસ્તિકારૂપે પ્રકાશિત થઈ રહી છે.

તેમની પાસે પસંદગીનો વિવેક ખૂબ સારો છે. ચોટદાર અને વિશેષ ઉપયોગી ગાથાઓને તેમણે ચૂંટી કાઢી છે. તે માટે તેમણે કેવો ભવ્ય અને સુંદર પરિશ્રમ ઉઠાવ્યો હશે, તે સમજી શકાય છે.

મને અત્યંત વિશ્વાસ છે કે તેમનો આ ભવ્ય-સુંદર પરિશ્રમ લેખે લાગશે. આ નાની-નમણી પુસ્તિકાઓના માધ્યમથી ચતુર્વિધ સંઘમાં ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ ખૂબ વેગ પકડશે. હવે ચારેય બાજુ ગાથાઓના ઘોષ ગૂંજી ઉઠશે.

મુનિશ્રીને હાર્દિક ધન્યવાદ.

**- મુક્તિવલ્લભસૂરિ**

શ્રાવણ સુદ ૧, ૨૦૭૨

સાબરમતી.

## સંપાદકીય

જિનશાસનના શ્રુતજ્ઞાનરૂપી સાગરમાં અગણિત ગ્રંથરત્નો છે, જે વૈરાગ્યાદિ ભાવોથી ઝળકી રહ્યા છે..

પંચમ કાળના પ્રભાવે સ્મૃતિશક્તિ ઘટતી જવાને કારણે વર્તમાનકાલીન શ્રમણો આ ગ્રંથોને કંઠસ્થ કરી શકતા નથી કે કંઠસ્થ કર્યા પછી યાદ રાખી શકતા નથી, કારણ કે ગ્રંથો વિશાળ છે.

આવા અદ્ભુત ગ્રંથોના અદ્ભુત ભાવોથી અલ્પ ક્ષયોપશમવાળા શ્રમણો સર્વથા વંચિત ન રહે તે માટે, આ ગ્રંથોની વિશિષ્ટ વૈરાગ્યાદિ-સભર ગાથાઓને પસંદ કરીને તેનું અર્થસહિત પ્રકાશન થઈ રહ્યું છે..

પૂર્વકાલીન મહાપુરુષોએ પણ આવા પ્રયત્નો કર્યા જ છે. જેમ કે ઉપમિતિ સારોદ્ધાર (દેવેન્દ્રસૂરિજી), ઉપમિતિ સાર સમુચ્ચય (વર્ધમાનસૂરિજી), કુવલયમાલા સંક્ષેપ (રત્નપ્રભસૂરિજી), ત્રિષષ્ટિ સારોદ્ધાર (શુભંકરસૂરિજી), લઘુ પ્રવચન સારોદ્ધાર (ચંદ્રર્ષિ), સમરાદિત્ય સંક્ષેપ (પ્રદ્યુમ્નસૂરિજી), લઘુ ત્રિષષ્ટિ (મેઘવિજયજી), હૈમ લઘુ પ્રક્રિયા (મહો. વિનયવિજયજી) વગેરે...

જેમ સંક્ષિપ્ત તે ગ્રંથોથી મૂળ વિસ્તૃત ગ્રંથોનું મહત્ત્વ ઘટ્યું નથી કે લોપ થયો નથી; તેમ આ સંક્ષિપ્ત પ્રકાશનથી મૂળ ગ્રંથોના લોપ થવાની કે મહત્ત્વ ઘટવાની સંભાવના રહેતી નથી.

જોકે વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ ભગવંતો તો સંપૂર્ણ મૂળ ગ્રંથો ભણે જ, તેવી મારી ખાસ ભલામણ છે..

ગાથાઓની પસંદગીમાં વૈરાગ્યાદિ-જનનશક્તિ ઉપરાંત વિવિધતા, ગોખવાની સરળતા, અર્થની સુબોધતા વગેરે નજરમાં રાખ્યા છે.

મૂળગ્રંથગત ક્રમને પ્રધાન ન કરતાં, સરખા વિષયવાળી ગાથાઓ એકસાથે આવે તે રીતે ક્રમ લીધો છે.

મૂળ ગ્રંથનો ગાથાક્રમ, દરેક ગાથાની પૂર્વે લખેલો છે. ગાથાના અંતે ક્રમિક ક્રમ આપેલો છે. ગોખવાની સરળતા તથા સુબોધતા માટે ક્યાંક સંધિનો વિગ્રહ કર્યો છે.

સંપૂર્ણ ગ્રંથ કંઠસ્થ નહીં કરી શકનારા શ્રમણ શ્રમણી ભગવંતો આ ગ્રંથોને કંઠસ્થ કરે, રાખે, તેના અર્થ સહિત પરાવર્તન દ્વારા આત્માને વૈરાગ્યાદિ ભાવોથી ભાવિત કરીને શીઘ્ર મુક્તિગામી બને એ જ આ પ્રકાશનનો ઉદ્દેશ્ય છે..

સંપાદન-અર્થસંકલનમાં કોઈ ક્ષતિ રહી હોય તો જણાવવા બહુશ્રુત ગીતાર્થોને વિનંતી છે.

ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ / ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ પ્રતિપાદન થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.

ભવ્યસુંદરવિ.

વિ. સં. ૨૦૭૨, શ્રા. સુ. ૧૦,

મહાવીરનગર, હિંમતનગર.

# શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા

| પુષ્પ | ગ્રંથો |
|---|---|
| ૧. | વૈરાગ્યશતકાદિ, કુલકો ભાગ-૧, કુલકો ભાગ-૨ |
| ૨. | ઉપદેશમાળા, પુષ્પમાળા, ભવભાવના |
| ૩. | પ્રકરણાદિ, પ્રવચન સારોદ્ધાર, પિંડવિશુદ્ધિ |
| ૪. | આવશ્યકનિર્યુક્તિઆદિ, પંચવસ્તુક, યતિદિનકૃત્ય |
| ૫. | સંબોધ પ્રકરણ, સંબોધસિત્તરિ-પંચસૂત્ર |
| ૬. | શાંત સુધારસ, પ્રશમરતિ, અધ્યાત્મકલ્પદ્રુમ |
| ૭. | જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્ આદિ |
| ૮. | ષોડશક આદિ, યોગબિંદુ આદિ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| ૯. | વીતરાગ સ્તોત્ર, સ્તુતિસંગ્રહ |
| ૧૦. | યોગશાસ્ત્ર, યોગસાર આદિ, યતિલક્ષણસમુચ્ચય આદિ |

## ઋણ સ્વીકાર

૧. મૂળ ગ્રંથોના કર્તા - જ્ઞાની પૂર્વ મહર્ષિઓ

૨. આશીર્વાદ - પ્રેરણા - પ્રોત્સાહન - માર્ગદર્શન આપનારા
સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ. સા.
ભવોદધિતારક ગુરુદેવ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ. સા.
તાર્કિક શિરોમણિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મ. સા.

૩. સુંદર પ્રસ્તાવના દ્વારા પ્રકાશનને અલંકૃત કરનાર
શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ. સા.

૪. ગાથાઓની પસંદગી અને સંપાદનકાર્યમાં સહાય કરનાર
પ. પૂ. મુનિ શ્રી **મૃદુસુંદરવિ.** મ. સા.
પ. પૂ. મુનિ શ્રી **નિર્મળસુંદરવિ.** મ. સા.

૫. ઝીણવટપૂર્વક અર્થનું સંશોધન અને પ્રુફરીડિંગ કરનારા
દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય **ગુણરત્નસૂરીશ્વરજી** **મ. સા.**ના પ્રશિષ્યો
પૂ. મુ. શ્રી **ત્રિભુવનરત્નવિ.** મ. સા.
પૂ. મુ. શ્રી **હિતાર્થરત્નવિ.** મ. સા.

૬. જે પ્રકાશનોમાંથી મૂળપાઠ અને ક્યાંક અર્થો પણ લીધા છે, તે પ્રકાશકો અને તેના સંપાદકો

આ બધાની કૃપા - પ્રેરણા - સહાયતાના ફળસ્વરૂપે આ કાર્ય સંભવિત બન્યું છે, તે સહુનો હું અત્યંત ઋણી છું.

મુ. ભવ્યસુંદરવિ.

## સંપૂર્ણ ગ્રંથમાળાના પ્રકાશનનો લાભ

૧. શ્રી મહેસાણા ઉપનગર જૈન સંઘ, મહેસાણા.

૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન મંદિર, માલવીયનગર, જયપુર.

૩. શ્રી જવાહરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ.

૪. શ્રી દહાણુકરવાડી મહાવીરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.

૫. શ્રી શાંતિનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, મીરાં રોડ, જિ. થાણા.

૬. શ્રી નવજીવન શ્વે. મૂ. જૈન સંઘ, નવજીવન સોસાયટી, મુંબઈ.

૭. શ્રી મુલુંડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ઝવેર રોડની શ્રાવિકા બહેનો, મુલુંડ (વેસ્ટ), મુંબઈ.

એ જ્ઞાનનિધિમાંથી લીધો છે.
તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

\- પ્રકાશક

આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનદ્રવ્યમાંથી થયું હોવાથી ગૃહસ્થે રૂા. ૩૦ /-
જ્ઞાનખાતે ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

# વૈરાગ્યશતકાદિ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

પૂર્વાચાર્ય ભગવંતો

| | | |
|---|---|---|
| **ગ્રંથ** | : | વૈરાગ્યશતકાદિ સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : | વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સંવેગ-મંજરીકુલક, ઈન્દ્રિયાદિવિકારનિરોધકુલક |
| **આધારગ્રંથકર્તા** | : | પૂર્વાચાર્ય ભગવંતો |
| **અનુવાદ આધાર** | : | પૂ. આ. શ્રી મિત્રાનંદસૂરિ મ. સા. સંપાદિત 'શતકસંદોહ' |
| **અર્થસંકલન** | : | પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : | દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : | પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : | વૈરાગ્ય |

## ~~ वैराग्यशतकं ~~

१ संसारंमि असारे, नत्थि सुहं वाहिवेअणापउरे ।
जाणंतो इह जीवो, न कुणइ जिणदेसियं धम्मं ॥१॥

"વ્યાધિ અને વેદનાથી ભરપૂર આ અસાર સંસારમાં સુખ નથી" - એમ જાણવા છતાં જીવ જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મની આરાધના કરતો નથી.

### ~~ અનિત્યતા ~~

२ अज्जं कल्लं परंपरारिं, पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।
अंजलिगयं व तोयं, गलंतमाउं न पिच्छंति ॥२॥

આજે, કાલે, પરમદિવસે કે તે પછી ધનની પ્રાપ્તિ થશે; એમ પુરુષો વિચાર કરે છે, પરંતુ હથેળીમાંથી ટપકતા પાણીની જેમ રોજ ઓછા થઈ રહેલા આયુષ્યને જોતા નથી.

३ जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेह तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥३॥

જે કાર્ય કાલે કરવાનું છે તે જલદી આજે જ કર, સાંજની પણ રાહ ન જો. કારણકે એક મુહૂર્ત (બે ઘડી જેટલો સમય) પણ ઘણા વિઘ્નોથી ભરેલો છે.

४ ही ! संसारसहावं, चरियं नेहाणुरागरत्तावि ।
जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दीसंति ॥४॥

ઓહ ! સંસારનો આ કેવો સ્વભાવ ? આ કેવું ચરિત્ર ? જે સ્નેહીઓ સવારે સ્નેહના અનુરાગથી યુક્ત દેખાતા હતા તે જ સ્નેહીઓ સાંજે તેવા અનુરાગી દેખાતા નથી.

५ मा सुयह जग्गिअव्वे, पलाइअव्वंमि कीस वीसमेह ? ।
तिन्नि जणा अणुलग्गा, रोगो अ जरा अ मच्चू अ ॥५॥

હે જીવ ! જાગતા રહેવાના અવસરે સૂઈ ન રહે. જ્યારે ભાગી છૂટવા જેવું છે ત્યારે શાને આરામથી બેઠો છે ? કારણકે રોગ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ - આ ત્રણ દુશ્મનો તારી પાછળ પડ્યા છે.

७ सा नत्थि कला तं नत्थि,
ओसहं तं नत्थि किंपि विन्नाणं ।
जेण धरिज्जइ काया,
खज्जंती कालसप्पेणं ॥६॥

એવી કોઈ કળા નથી, એવી કોઈ દવા નથી, એવી કોઈ વિદ્યા નથી કે જેનાથી કાળસર્પ વડે ખવાતી આ કાયાને બચાવી શકાય !

३४ जाव न इंदियहाणी, जाव न जररक्खसी परिप्फुरइ ।
जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लिअइ ॥७॥

જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ નથી, જ્યાં સુધી જરા-રાક્ષસી એનું બળ બતાવતી નથી, જ્યાં સુધી રોગના વિકારો જાગ્યા નથી અને જ્યાં સુધી મૃત્યુ આવ્યું નથી, (ત્યાં સુધી હે જીવ ! ધર્મની આરાધના કરી લે.)

૪૧ जस्सऽत्थि मच्चुणा सक्खं, जस्स वऽत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुहेसिया ॥८॥

જેને મૃત્યુ સાથે મિત્રતા છે અથવા જે 'હું મૃત્યુથી ભાગી છૂટીશ' એમ માને છે અથવા 'હું મરીશ નહીં' એમ જાણે છે; તે જ સુખશીલિયાપણું ઇચ્છી શકે.

૭૫ तिहुअणजणं मरंतं, दट्ठूण नयंति जे न अप्पाणं ।
विरमंति न पावाओ, धी ! धी ! धीट्ठत्तणं ताणं ॥९॥

ત્રણ ભુવનના લોકોને મૃત્યુ પામતાં જોઈને જેઓ આત્માને ધર્મમાર્ગમાં જોડતા નથી, પાપથી પાછા હઠતા નથી; તેઓની ધિટ્ઠાઈને ધિક્કાર છે ! ધિક્કાર છે !

૭૨ कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।
एवं मणुआण जीवियं, समयं गोयम ! मा पमायए ॥१०॥

જેમ ડાભના (ઘાસના) અગ્રભાગ ઉપર લટકતું ઝાકળનું બિંદુ થોડો સમય જ ટકે છે; તેમ મનુષ્યનું જીવન પણ થોડો સમય જ ટકે છે, માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં.

१५ तं कत्थ बलं ? तं कत्थ,
जुव्वणं ? अंगचंगिमा कत्थ ? ।
सव्वमणिच्चं पिच्छह,
दिट्ठं नट्ठं कयंतेण ॥११॥

તે બળ ક્યાં ગયું ? તે યૌવન ક્યાં ગયું ? તે શરીરનું સૌંદર્ય ક્યાં ગયું ? તે બધું યમરાજાએ નજર સામે જ નષ્ટ કરી નાંખ્યું. ખરેખર ! આ બધું જ અનિત્ય છે, એમ સમજ.

३६ रुवमसासयमेयं, विज्जुलयाचंचलं जए जीअं ।
संझाणुरागसरिसं, खणरमणीअं च तारुण्णं ॥१२॥

આ જગતમાં રૂપ અશાશ્વત છે, જીવન વીજળીના ચમકારા જેવું ચંચળ છે અને યૌવન સંધ્યાના રંગ જેવું ક્ષણિક સૌંદર્યવાળું છે.

३७ गयकण्णचंचलाओ, लच्छीओ तिअसचावसारिच्छं ।
विसयसुहं जीवाणं, बुज्झसु रे जीव ! मा मुज्झ ॥१३॥

લક્ષ્મી હાથીના કાન જેવી ચંચળ છે. જીવોને મળતું વિષયસુખ ઈન્દ્રધનુષ્ય જેવું ક્ષણભંગુર છે; માટે હે જીવ ! તું બોધ પામ. આમાંની કોઈપણ વસ્તુમાં તું મોહ ન પામ.

४४ जीअं जलबिंदुसमं, संपत्तीओ तरंगलोलाओ ।
सुमिणयसमं च पिम्मं, जं जाणसु तं करिज्जासु ॥१४॥

જીવન પાણીના બિંદુ જેવું છે, સંપત્તિ જળતરંગ જેવી ચંચળ છે અને સ્નેહ સ્વપ્નતુલ્ય છે; આવું જાણ્યા પછી તને જે ઠીક લાગે તે કર.

૪૫ संझरागजलबुब्बुओवमे,
जीविए य जलबिंदुचंचले ।
जुव्वणे य नइवेगसंनिभे,
पाव ! जीव ! किमियं न बुज्झसे ? ॥१५॥

જીવન સંધ્યાના રંગ કે પાણીના પરપોટા જેવું ક્ષણિક અને પાણીના બિંદુ જેવું ચંચળ છે અને યૌવન નદીના પ્રવાહ જેવું છે; છતાં હે પાપાત્મન્ ! તું કેમ બોધ પામતો નથી ?

३८ जह संझाए सउणाणं, संगमो जह पहे अ पहिआणं ।
सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव ! ॥१६॥

હે જીવ ! જે રીતે સંધ્યા સમયે પક્ષીઓનો અને માર્ગમાં મુસાફરોનો સંયોગ-સમાગમ ક્ષણિક છે; તેમ સ્વજન-પરિવારનો સમાગમ ક્ષણિક છે.

~~ અશરણતા ~~

११ बंधवा सुहिणो सव्वे, पियमाया पुत्त भारिया ।
पेअवणाओ निअत्तंति, दाऊणं सलिलंजलिं ॥१७॥

બંધુઓ કે મિત્રો, માતા કે પિતા, પુત્ર કે પત્ની બધા જ અંતે તને જળની અંજલિ આપીને સ્મશાનથી પાછા ફરવાના છે.

१२ विहडंति सुआ विहडंति,
बंधवा वल्लहा य विहडंति ।
इक्को कहवि न विहडइ,
धम्मो रे जीव ! जिणभणिओ ॥१८॥

રે આત્મન્ ! પુત્રો છૂટા પડે છે, બંધુઓનો વિયોગ થાય છે અને વહાલી પત્ની પણ વિખૂટી પડી જાય છે, પરંતુ એક જિનેશ્વરદેવોએ કહેલો ધર્મ કદી સાથ છોડતો નથી.

४३ जहेह सीहो व मियं गहाय,
मच्चू नरं णेइ हु अंतकाले ।
न तस्स माया व पिया व भाया,
कालंमि तंमि सहरा भवंति ॥१९॥

આ લોકમાં જેમ સિંહ હરણને પકડીને લઈ જાય છે, તેમ અંત સમયે મૃત્યુ માણસને પકડીને લઈ જાય છે, તે વખતે માતા-પિતા કે ભાઈ કોઈ જ સહાયક બનતા નથી.

५६ जाइ अणाहो जीवो, दुमस्स पुप्फं व कम्मवायहओ ।
धणधन्नाहरणाइं, घर-सयण-कुडुंबमिल्लेवि ॥२०॥

ધન, ધાન્ય, આભૂષણ, ઘર, સ્વજન અને કુટુંબ હોવા છતાં પણ કર્મરૂપી પવનથી હણાયેલ વૃક્ષના ફૂલની જેમ અનાથ જીવ (મૃત્યુ પામતાં પરભવમાં) જાય છે.

૭૧ पियपुत्तमित्तघरघरणिजाय,
इहलोइअ सव्व नियसुहसहाय ।
नवि अत्थि कोइ तुह सरणि मुक्ख !,
इक्कल्लु सहसि तिरिनिरयदुक्ख ॥२१॥

હે મૂર્ખ ! આ લોકના બધા પિતા-પુત્ર, મિત્ર, ઘર, પત્ની આદિનો સમુદાય પોતાના જ સુખનો અર્થી છે. ભવાંતરમાં તિર્યંચ અને નરક ગતિનાં દુઃખો તું એકલો જ સહન કરીશ. બીજા કોઈ તને શરણરૂપ નહીં થાય.

૨૦ जीवो वाहिविलुत्तो,
सफरो इव निज्जले तडप्फडइ ।
सयलो वि जणो पिच्छइ,
को सक्को वेअणाविगमे ? ॥२२॥

રોગોથી પીડાતો જીવ, પાણી વગરની માછલીની જેમ તરફડિયાં મારે છે. બધા લોકો એને જુએ છે, છતાં વેદનાથી કોઈ એને છોડાવી શકતું નથી.

~~ સંસારસ્વભાવ ~~

૨૨ जणणी जायइ जाया, जाया माया पिया य पुत्तो य ।
अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥२३॥

માતા મરીને પત્ની થાય છે અને પત્ની મરીને માતા થાય છે, તેમજ પિતા મરીને પુત્ર અને પુત્ર મરીને પિતા થાય છે..! કર્મને વશ સંસારમાં સર્વ જીવોની અનવસ્થા (સંબંધોની અનિશ્ચિતતા) છે.

~~ એકત્વ ~~

૨૬ एगो बंधइ कम्मं,
एगो वहबंधमरणवसणाइं ।
विसहइ भवंमि भमडइ,
एगु च्चिअ कम्मवेलविओ ॥२४॥

જીવ એકલો જ કર્મ બાંધે છે, વધ-બંધ-મરણ વગેરેનાં દુઃખો એકલો જ સહન કરે છે અને કર્મથી પ્રેરાયેલો જીવ એકલો જ આ સંસારમાં ભટકે છે.

૨૭ अन्नो न कुणइ अहिअं,
हियं पि अप्पा करेइ न हु अन्नो ।
अप्पकयं सुहदुक्खं,
भुंजसि ता कीस दीणमुहो ? ॥२५॥

હે આત્મન્ ! બીજો કોઈ તારું અહિત કરતો નથી. હિત પણ તું પોતે જ કરે છે, બીજું કોઈ નહીં. સુખ-દુઃખ પણ તારાં કરેલાં જ તું ભોગવે છે. તો પછી શા માટે તું દીનમુખવાળો બને છે ?

૨૫ सव्वाओ रिद्धीओ, पत्ता सव्वे वि सयणसंबंधा ।
संसारे ता विरमसु, तत्तो जइ मुणसि अप्पाणं ॥२६॥

સંસારમાં સર્વ પ્રકારની ઋદ્ધિ-સમૃદ્ધિ અને સર્વ પ્રકારના સ્વજન-સ્નેહીઓના સંબંધો આ જીવ પ્રાપ્ત કરી ચૂક્યો છે. તેથી હવે જો આત્માને તું જાણતો હોય તો (તને આત્મજ્ઞાન થયું હોય તો) એ બધાનો ત્યાગ કર.

૨૮ बहुआरंभविढत्तं, वित्तं विलसंति जीव ! सयणगणा ।
तज्जणियपावकम्मं, अणुहवसि पुणो तुमं चेव ॥२७॥

હે જીવ ! તેં ઘણા આરંભ-સમારંભના પાપથી ઉપાર્જેલા ધન ઉપર તારો સ્વજન પરિવાર મોજમજા ઉડાવે છે, પરંતુ એ ધન મેળવવા પાછળ બાંધેલા પાપકર્મનું કટુ ફળ તો તારે એકલાએ જ ભોગવવું પડશે !

૪૭ जीवेण भवे भवे, मिलियाइं देहाइं जाइं संसारे ।
ताणं न सागरेहिं, कीरइ संखा अणंतेहिं ॥२८॥

સંસારમાં આ જીવે ભવોભવ જે શરીરો છોડ્યાં છે, તે બધાં શરીરોની સંખ્યા અનંતા સાગરોના પાણીથી પણ ન ગણી શકાય એટલી છે.

૨૩ न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मया जत्थ, सव्वे जीवा अणंतसो ॥२९॥

આ સંસારમાં એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ કુલ નથી, એવું કોઈ સ્થાન નથી કે જ્યાં દરેક જીવો અનંતીવાર જન્મ્યા ન હોય અને મૃત્યુ પામ્યા ન હોય.

२४ तं किंपि नत्थि ठाणं, लोए वालग्गकोडिमित्तंपि ।
जत्थ न जीवा बहुसो, सुहदुक्खपरंपरं पत्ता ॥३०॥

ચૌદ રાજલોકમાં વાળના અગ્રભાગના કરોડમા ભાગ જેટલી પણ જગ્યા એવી નથી કે જ્યાં જીવો અનંતીવાર સુખ-દુઃખની પરંપરા ન પામ્યા હોય !

४८ नयणोदयंपि तासिं, सागरसलिलाओ बहुयरं होइ ।
गलिअं रुअमाणीणं, माऊणं अन्नमन्नाणं ॥३१॥

અનેક ભવોમાં થયેલી રડતી જુદી જુદી માતાઓની આંખનાં આંસુઓનું પાણી, સમુદ્રનાં પાણીથી પણ અનેકગણું છે.

७६ मा मा जंपह बहुयं, जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।
सव्वेसिं तेसिं जायइ, हिओवएसो महादोसो ॥३२॥

જેઓ ચીકણાં કર્મોથી બંધાયેલાં છે, તેમને વધુ કહેવાનું રહેવા દો; કેમ કે તે બધાને હિતોપદેશ મહાદોષનું જ કારણ બને છે.

३० खणभंगुरं सरीरं, जीवो अन्नो अ सासयसरूवो ।
कम्मवसा संबंधो, निब्बंधो इत्थ को तुज्झ ? ॥३३॥

શરીર ક્ષણભંગુર છે, આત્મા શરીરથી જુદો અને શાશ્વત સ્વરૂપવાળો છે. કર્મના યોગે શરીર અને આત્માનો સંયોગ થયો છે, તો તે શરીરમાં તને આટલી મૂર્ચ્છા શી ?

૭૮ संसारो दुहहेउ, दुक्खफलो दुसहदुक्खरूवो य ।
न चयंति तं पि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥३४॥

આ સંસાર દુઃખનું કારણ છે, (પરંપરાએ પણ) દુઃખને લાવનાર છે, (વર્તમાનમાં પણ) દુઃસહ દુઃખદાયક છે; છતાં સ્નેહની મજબૂત સાંકળથી બંધાયેલા જીવો તેને છોડતાં નથી.

૬૪ जावंति के वि दुक्खा, सारीरा माणसा व संसारे ।
पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ॥३५॥

સંસારમાં જે કોઈ શારીરિક કે માનસિક દુઃખો છે તે સઘળાં દુઃખો જીવે ભવાટવીમાં ભમતાં અનંતીવાર પ્રાપ્ત કર્યા છે.

१७ घोरंमि गब्भवासे, कलमलजंबालअसुइबीभच्छे ।
वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेणं ॥३६॥

કલમલ(ગર્ભમાં પ્રથમના સાત દિવસની પ્રવાહી સ્થિતિ)ના કાદવની અશુચિથી બિભત્સ એવા ઘોર ગર્ભાવાસમાં કુટિલ કર્મના પ્રભાવે જીવ અનંતીવાર વસ્યો છે.

३३ जम्मदुक्खं जरादुक्खं, रोगा य मरणाणि य ।
अहो ! दुक्खो हु संसारो, जत्थ कीसंति जंतुणो ॥३७॥

જન્મનું દુઃખ છે, વૃદ્ધાવસ્થાનું દુઃખ છે, રોગ અને મૃત્યુનું મહાદુઃખ છે... અહો ! આખો સંસાર જ દુઃખરૂપ છે, જ્યાં જીવો ક્લેશને પામે છે.

૬૫ तण्हा अणंतखुत्तो, संसारे तारिसी तुमं आसी ।
जं पसमेउं सव्वोदहीणमुदयं न तीरिज्जा ॥३८॥

સંસારમાં અનંતીવાર એવી તરસ તને લાગી કે જેને સર્વ સમુદ્રનાં પાણી પણ શાંત ન કરી શકે.

૬૬ आसी अणंतखुत्तो, संसारे ते छुहा वि तारिसिया ।
जं पसमेउं सव्वो, पुग्गलकाओ वि न तीरिज्जा ॥३९॥

સંસારમાં અનંતીવાર ભૂખ પણ તને એવી લાગી કે દુનિયાભરના બધાં જ પુદ્ગલો પણ શાંત કરી શકે નહીં.

૮૦ सिसिरंमि सीयलानील-लहरिसहस्सेहिं भिन्नघणदेहो ।
तिरियत्तणंमि रण्णे, अणंतसो निहणमणुपत्तो ॥४०॥

તિર્યંચગતિમાં જંગલમાં શિયાળાની ઋતુમાં ઠંડાગાર પવનના સૂસવાટાઓથી તારું શરીર ભેદાયું છે અને તેથી તું અનંતીવાર મૃત્યુ પામ્યો છે.

૮૧ गिम्हायवसंतत्तो, ऽरण्णे छुहिओ पिवासिओ बहुसो ।
संपत्तो तिरियभवे, मरणदुहं बहु विसूरंतो ॥४१॥

ગ્રીષ્મના (ગ્રીષ્મઋતુના) તાપથી સંતપ્ત બનેલો જંગલમાં ભૂખ અને તરસને સહન કરતો અને ખેદ પામતો તું ઘણી વાર મરણનાં દુઃખો પામ્યો છે.

८२ वासासु रण्णमज्झे, गिरिनिज्झरणोदगेहि वज्झंतो ।
सीयानिलडज्झविओ, मओ सि तिरियत्तणे बहुसो ॥४२॥

વર્ષાઋતુના કાળમાં જંગલમાં ગિરિઝરણાનાં પાણીથી તણાતો, હિમ જેવા ઠંડા પવનોથી ઠૂંઠવાતો અનેકવાર મૃત્યુ પામ્યો છે.

४९ जं नरए नेरइया, दुहाइं पावंति घोरऽणंताइं ।
तत्तो अणंतगुणियं, निगोअमज्झे दुहं होइ ॥४३॥

નરકમાં નારકીઓ જે ઘોર ભયંકર અનંત દુઃખો પ્રાપ્ત કરે છે, તેના કરતાં નિગોદમાં અનંતગણું દુઃખ છે.

५० तंमि वि निगोअमज्झे,
वसिओ रे जीव ! विविहकम्मवसा ।
विसहंतो तिक्खदुहं,
अणंतपुग्गलपरावत्ते ॥४४॥

તે નિગોદમાં પણ વિવિધ કર્મોને વશ થઈ હે જીવ ! ઘણાં દુઃખને સહન કરતો તું અનંત પુદ્‌ગલપરાવર્તકાળ સુધી રહ્યો છે.

६७ काऊणमणेगाइं, जम्ममरणपरिअट्टणसयाइं ।
दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छियं जीवो ॥४५॥

જન્મ-મરણનાં સેંકડો પર્યટનો કર્યાં પછી મહામુસીબતે જીવ ઈચ્છિત એવા મનુષ્યભવને કદાચ મેળવે છે.

६८ तं तह दुल्लहलंभं, विज्जुलयाचंचलं च मणुअत्तं ।
धम्मंमि जो विसीयइ, सो काउरिसो न सप्पुरिसो ॥४६॥

તેવા પ્રકારના દુર્લભ અને વીજળી જેવા ચંચળ માનવ જન્મને પામીને જે ધર્મકાર્યમાં ખેદ અનુભવે છે, તે ખરેખર ! કાપુરુષ (નિંદનીય) છે, સત્પુરુષ નથી.

५४ सोअंति ते वराया, पच्छा समुवट्ठियंमि मरणंमि ।
पावपमायवसेणं, न संचिओ जेहिं जिणधम्मो ॥४७॥

પાપરૂપ પ્રમાદને આધીન થઈને જેઓએ જિનધર્મનો સંચય નથી કર્યો, તે બિચારા આત્માઓ પછી મૃત્યુ ઉપસ્થિત થતાં ભારે શોક કરે છે.

६९ माणुस्सजम्मे तडिलद्धयंमि,
जिणिंदधम्मो न कओ य जेणं ।
तुट्टे गुणे जह धाणुक्कएणं,
हत्था मलेव्वा य अवस्स तेणं ॥४८॥

જેમ બાણાવળીને ધનુષ્યની દોરી તૂટી ગયા પછી અવશ્ય હાથ ઘસવા પડે છે તેમ સંસારસાગરના કિનારારૂપ મનુષ્યજન્મને પામીને જે જૈનધર્મને સેવતો નથી, તેને અવશ્ય હાથ ઘસવા પડે છે અર્થાત્ પશ્ચાત્તાપ કરવો પડે છે.

९४ अथिरेण थिरो समलेण, निम्मलो परवसेण साहीणो ।
देहेण जइ विढप्पइ, धम्मो ता किं न पज्जत्तं ?॥४९॥

અસ્થિર, મલિન અને પરાધીન એવા આ શરીરથી જો સ્થિર, નિર્મળ અને સ્વાધીન એવો ધર્મ કરી શકાતો હોય તો શું એટલું પર્યાપ્ત નથી ?

९५ जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुच्छविहवाणं ।
गुणविहववज्जियाणं, जीयाण तह धम्मरयणं पि ॥५०॥

તુચ્છ વૈભવવાળાને ચિંતામણિરત્ન મળવું જેમ સુલભ નથી, તેમ ગુણના વૈભવથી હીન આત્માઓને ધર્મરત્ન મળવું પણ સુલભ નથી.

१०० जिणधम्मोऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।
सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥५१॥

સ્વર્ગ અને અપવર્ગના સુખરૂપ ફળને આપનારો આ જિનધર્મ એક અપૂર્વ કલ્પવૃક્ષ જેવો છે.

१०१ धम्मो बंधू सुमित्तो य, धम्मो य परमो गुरु ।
मुक्खमग्गपयट्टाणं, धम्मो परमसंदणो ॥५२॥

ધર્મ એ બંધુ છે, સન્મિત્ર છે, પરમગુરુ છે અને મોક્ષમાર્ગના મુસાફરો માટે શ્રેષ્ઠ રથ સમાન છે.

१०२ चउगइणंतदुहानल-पलित्तभवकाणणे महाभीमे ।
सेवसु रे जीव ! तुमं, जिणवयणं अमियकुंडसमं ॥५३॥

હે જીવ ! ચાર ગતિનાં અનંત દુઃખથી સળગી રહેલ મહાભયંકર એવી આ સંસારઅટવીમાં અમૃતના કુંડ સમાન જિનવચનનું સેવન કર !

१०३ विसमे भवमरुदेसे, अणंतदुहगिम्हतावसंतत्ते ।
जिणधम्मकप्परुक्खं, सरसु तुमं जीव ! सिवसुहदं ॥५४॥

હે જીવ ! અનંત દુઃખરૂપી ગ્રીષ્મઋતુના તાપથી સંતપ્ત અને વિષમ એવા આ સંસારરૂપી રણમાં મોક્ષના ફળને આપનારા જિનધર્મરૂપી કલ્પવૃક્ષનો તું આશ્રય કર.

## ~~ इन्द्रियपराजयशतकं ~~

१ सुच्चिअ सूरो सो चेव, पंडिओ तं पसंसिमो निच्चं ।
इंदियचोरेहिं सया, न लुंटिअं जस्स चरणधणं ॥५५॥

જેનું ચારિત્રધન ઇન્દ્રિયચોરો કદી નથી લૂંટી શક્યા તે જ આત્મા શૂરવીર છે અને તે જ પંડિત છે. તેની જ અમે સદા પ્રશંસા કરીએ છીએ.

२ इंदियचवलतुरंगो, दुग्गइमग्गाणुधाविरे निच्चं ।
भाविअभवस्सरूवो, रुंभइ जिणवयणरस्सीहिं ॥५६॥

દુર્ગતિને માર્ગે સદા દોડતા ઇન્દ્રિયરૂપી ચપળ અશ્વને સંસારના સ્વરૂપનો જ્ઞાતા જીવ જિનવચનરૂપી લગામથી રોકી રાખે છે.

४ अजिइंदिएहिं चरणं, कट्ठं व घुणेहिं कीरइ असारं ।
तो धम्मत्थीहिं दढं, जइअव्वं इंदियजयंमि ॥५७॥

કીડાઓ વડે જેમ લાકડું અસાર કરાય છે, તેમ નહીં જીતાયેલી ઇન્દ્રિયોથી ચારિત્ર અસાર થાય છે. માટે ધર્માર્થીએ ઇન્દ્રિયોના વિજય માટે દૃઢ પુરુષાર્થ કરવો જોઈએ.

५ जह कागिणीइ हेउं, कोडिं रयणाण हारए कोइ ।
तह तुच्छविसयगिद्धा, जीवा हारंति सिद्धिसुहं ॥५८॥

કાકિણી માટે ક્રોડ રત્નો જેમ કોઈ માનવી હારી જાય, તેમ તુચ્છ વિષયોમાં આસક્ત જીવો સિદ્ધિસુખને હારી જાય છે.

११ जह निंबदुमुप्पन्नो, कीडो कडुअं पि मन्नए महुरं ।
तह सिद्धिसुहपरुक्खा, संसारदुहं सुहं बिंति ॥५९॥

લીમડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલ કીડો કટુ રસને પણ જેમ મધુર માને છે, તેમ સિદ્ધિસુખથી પરોક્ષ જીવો સંસારના દુઃખને સુખ માને છે.

૪૭ जं लहइ वीअराओ, सुक्खं तं मुणइ सुच्चिय न अन्नो ।
न हि गत्तासूअरओ, जाणइ सुरलोइअं सुक्खं ॥६०॥

જેમ દેવલોકના સુખને ગટરમાં - અશુચિમાં રહેલું ભૂંડ ન જાણે, તેમ વીતરાગ પરમાત્મા જે સુખ અનુભવે છે, તે તેઓ જ જાણે છે, બીજું કોઈ નહીં.

૪૫ सव्वग्गंथविमुक्को, सीईभूओ पसंतचित्तो अ ।
जं पावइ मुत्तिसुहं, न चक्कवट्टी वि तं लहइ ॥६१॥

સર્વ બંધનથી વિમુક્ત, શાંત અને પ્રસન્નચિત્તવાળો આત્મા જે મુક્તિ(પ્રશમ)નું સુખ પ્રાપ્ત કરે છે, તે સુખ ચક્રવર્તી પણ પામતો નથી.

६ तिलमित्तं विसयसुहं, दुहं च गिरिरायसिंगतुंगयरं ।
भवकोडीहिं न निट्ठइ, जं जाणसु तं करिज्जासु ॥६२॥

વિષયસુખ તલમાત્ર છે, તેના પરિણામે આવતું દુઃખ મેરુપર્વતના શિખરથી પણ ઊંચું (મોટું) છે. તે દુઃખ ક્રોડો ભવે પણ પૂર્ણ થતું નથી. હવે તને જેમ યોગ્ય લાગે તેમ કર.

१२ अथिराण चंचलाण य, खणमित्तसुहंकराण पावाणं ।
दुग्गइनिबंधणाणं, विरमसु एआण भोगाणं ॥६३॥

અસ્થિર, ચંચળ, ક્ષણમાત્ર સુખદાયી, પાપરૂપ અને દુર્ગતિના કારણભૂત એવા આ ભોગોથી વિરામ પામ.

१४ जहा य किंपागफला मणोरमा,
रसेण वन्नेण य भुंजमाणा ।
ते खुड्डए जीविय पच्चमाणा,
एओवमा कामगुणा विवागे ॥६४॥

જેમ કિંપાકના ફળો સ્વાદ અને રંગથી ખાવામાં મનોરમ હોવા છતાં પાચન પછી જીવિતનો ક્ષય કરે છે, તેમ ઇન્દ્રિયના વિષયો પણ વિપાકમાં તેની જેવા છે.

२४ खणमित्तसुक्खा बहुकालदुक्खा,
पगामदुक्खा अनिकामसुक्खा ।
संसारमुक्खस्स विपक्खभूआ,
खाणी अणत्थाण उ कामभोगा ॥६५॥

કામભોગો ક્ષણમાત્ર સુખદ અને દીર્ઘકાળ દુઃખદ છે, એ અત્યંત દુઃખદાયી અને અલ્પ સુખદાયી છે. સંસારથી મુક્ત થવામાં તે વિપક્ષભૂત (વિઘ્નભૂત) છે તથા અનર્થોની ખાણરૂપ છે.

८२ पज्जलिओ विसयअग्गी,
चरित्तसारं डहिज्ज कसिणं पि ।
सम्मत्तं पि विराहिअ,
अणंतसंसारिअं कुज्जा ॥६६॥

પ્રજ્વલિત વિષયાગ્નિ ચારિત્રના સઘળાયે સારને ભસ્મીભૂત કરીને, સમ્યક્ત્વને પણ વિરાધીને, જીવને અનંતસંસારી બનાવે છે.

८३ भीसणभववकंतारे, विसमा जीवाण विसयतिण्हाओ ।
जीए नडिआ चउदस-पुव्वी वि रुलंति हु निगोए ॥६७॥

ભીષણ ભવાટવીમાં જીવોની વિષયતૃષ્ણાઓ વિષમ છે, કે જેનાથી પીડિત ચૌદપૂર્વધરો પણ નિગોદમાં રખડે છે.

२७ सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे अ पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥६८॥

વાસનાઓ શલ્ય છે, વાસનાઓ એ વિષ છે, વાસનાઓ આશીવિષ સર્પ સમાન છે. વિષયને ઈચ્છનારા, ઈચ્છા પૂરી કર્યા વિના જ દુર્ગતિમાં જાય છે.

३० विसयाविक्खो निवडइ, निरविक्खो तरइ दुत्तरभवोहं ।
देवी-दीवसमागय-भाउअजुअलेण दिट्ठंतो ॥६९॥

વિષયની અભિલાષા સેવતો આત્મા ભવસમુદ્રમાં ડૂબે છે, જ્યારે વિષયનિરપેક્ષ આત્મા દુસ્તર ભવોદધિને પણ તરી જાય છે. રત્નાદેવીના દ્વીપ ઉપર ગયેલા બે ભાઈઓ(જિનપાલિત અને જિનરક્ષિત) તેનું દૃષ્ટાંત છે.

३२ इंदियविसयपसत्ता, पडंति संसारसायरे जीवा ।
पक्खि व्व छिन्नपक्खा, सुसीलगुणपेहुणविहुणा ॥७०॥

સારી શીલગુણરૂપ પાંખો વિનાના અને ઈન્દ્રિયોના વિષયમાં આસક્ત આત્માઓ છેદાયેલી પાંખોવાળા પક્ષીઓની જેમ સંસારસાગરમાં પડે છે.

૮૦ सच्चं सुअं पि सीलं, विन्नाणं तह तवं पि वेरग्गं ।
वच्चइ खणेण सव्वं, विसयविसेणं जईणं पि ॥७१॥

મુનિવરોનું સત્ય અને શ્રુત, શીલ અને વિજ્ઞાન, તથા તપ અને વૈરાગ્ય એ સર્વ, વિષયવિષથી ક્ષણમાત્રમાં વિનાશ પામે છે.

૮૭ जो रागाईण वसे, वसंमि सो सयलदुक्खलक्खाणं ।
जस्स वसे रागाई, तस्स वसे सयलसुक्खाइं ॥७२॥

જે રાગાદિને આધીન છે, તે સર્વ પ્રકારનાં લાખો દુઃખોને આધીન છે. રાગાદિ જેને આધીન છે તેને સકલ સુખો આધીન છે.

૭૬ दहइ गोसीससिरिखंड छारक्कए,
छगलगहणट्ठमेरावणं विक्कए ।
कप्पतरु तोडि एरंड सो वावए,
जुज्जि विसएहिं मणुअत्तणं हारए ॥७३॥

તુચ્છ વિષયો માટે મનુષ્યભવને જે ગુમાવે છે તે રાખ મેળવવા માટે ગોશીર્ષચંદનને બાળે છે, બકરો મેળવવા માટે ઐરાવણ હાથીને વેચે છે અને કલ્પવૃક્ષ તોડી એરંડાને વાવે છે.

૬૦ जह विट्ठपुंजखुत्तो, किमी सुहं मन्नए सयाकालं ।
तह विसयासुइरत्तो, जीवो वि मुणइ सुहं मूढो ॥७४॥

વિષ્ઠાના સમૂહમાં ખૂંચી ગયેલો કીડો જેમ સદા કાળ એમાં જ સુખ માને છે, તેમ વિષયરૂપી અશુચિમાં રક્ત મૂઢ જીવ પણ એમાં જ સુખ માને છે.

५९ नागो जहा पंकजलावसन्नो,
दट्ठुं थलं नाभिसमेइ तीरं ।
एवं जीआ कामगुणेसु गिद्धा,
सुधम्ममग्गे न रया हवंति ॥७५॥

કાદવયુક્ત જળમાં ખૂંચી ગયેલો હાથી સ્થળને જોવા છતાં કિનારે આવી શકતો નથી, તેમ વિષયોમાં ગૃદ્ધ જીવો સુધર્મમાર્ગને જાણવા છતાં તેમાં રક્ત બનતાં નથી.

३५ सुट्ठु वि मग्गिज्जंतो,
कत्थ वि कयलीइ नत्थि जह सारो ।
इंदियविसएसु तहा,
नत्थि सुहं सुट्ठु वि गविट्ठं ॥७६॥

સારી રીતે શોધવા છતાં કેળમાં ક્યાંય સાર મળતો નથી, એ જ રીતે ઇન્દ્રિયોના વિષયોમાં સારી રીતે શોધવા છતાં સુખ મળતું નથી.

१३ पत्ता य कामभोगा,
सुरेसु असुरेसु तह य मणुएसु ।
न य जीव ! तुज्झ तित्ती,
जलणस्स व कट्ठनियरेण ॥७७॥

ઈચ્છિત ભોગો સુરલોકમાં, અસુરલોકમાં તેમજ મનુષ્યલોકમાં પ્રાપ્ત થયા, છતાંય કાષ્ઠના સમૂહથી જેમ અગ્નિ તૃપ્તિ ન પામે, તેમ હે જીવ ! તને તૃપ્તિ ન થઈ !

१६ देविंदचक्कवट्टित्तणाइं, रज्जाइं उत्तमा भोगा ।
पत्ता अणंतखुत्तो, न य हं तत्तिं गओ तेहिं ॥७८॥

ઈન્દ્રપણું, ચક્રવર્તીપણું અને રાજ્ય વગેરે ઉત્તમ ભોગસુખો અનંતવાર પ્રાપ્ત થયા, તો પણ હું એથી તૃપ્ત ન થયો.

१७ संसारचक्कवाले, सव्वे वि य पुग्गला मए बहुसो ।
आहारिआ य परिणामिया य, न य तेसु तित्तो हं ॥७९॥

સંસાર પરિભ્રમણમાં સર્વ પુદ્ગલો બહુવાર મેં આહારરૂપે ગ્રહણ કર્યાં અને પરિણમાવ્યાં, પરંતુ તેથી હું તૃપ્ત ન થયો.

२१ तणकट्ठेहि व अग्गी, लवणसमुद्दो नईसहस्सेहिं ।
न इमो जीवो सक्को, तिप्पेउं कामभोगेहिं ॥८०॥

જેમ અગ્નિ તૃણ અને કાષ્ઠથી, લવણસમુદ્ર હજારો નદીઓથી તૃપ્ત થતો નથી, તેમ આ આત્મા કામભોગોથી તૃપ્ત ન જ થઈ શકે.

२६ जह कच्छुल्लो कच्छुं,
कंडुअमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा,
तह कामदुहं सुहं बिंति ॥८१॥

ખંજવાળના રોગથી ગ્રસિત માણસ જેમ ખણતી વખતે ખંજવાળરૂપ દુઃખને સુખરૂપ માને છે, તેમ મોહાતુર મનુષ્યો કામદુઃખને સુખ કહે છે.

३३ न लहइ जहा लिहंतो, मुहल्लियं अट्ठिअं जहा सुणओ ।
सोसइ तालुअरसिअं, विलिहंतो मन्नए सुक्खं ॥८२॥

જેમ મોઢામાં રહેલ હાડકાંને ચાટતો કૂતરો સુખ પામતો નથી, પણ પોતાના તાળવામાંથી ઝરતાં રસને ચાટતો સુખ માને છે...

३४ महिलाण कायसेवी,
न लहइ किंचि वि सुहं तहा पुरिसो ।
सो मन्नए वराओ,
सयकायपरिस्समं सुक्खं ॥८३॥

તેમ સ્ત્રીના શરીરને ભોગવનાર પુરુષ કંઈ સુખ પામતો નથી, પણ બિચારો તે પોતાના શરીરના પરિશ્રમને જ સુખ માને છે !

३९ परिहरसु तओ तासिं, दिट्ठिं दिट्ठिविसस्स व्व अहिस्स ।
जं रमणिनयणबाणा, चरित्तपाणे विणासंति ॥८४॥

તેથી દષ્ટિવિષસર્પની દષ્ટિની જેમ તેની દષ્ટિથી દૂર રહે, કારણકે સ્ત્રીના નયનબાણો ચારિત્રપ્રાણોનો વિનાશ કરે છે.

૫૫ हरिहरचउराणण-चंदसूरखंदाइणो वि जे देवा ।
नारीण किंकरत्तं, कुणंति धिद्धी ! विसयतिण्हा ॥८५॥

વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિકસ્વામી વગેરે દેવો પણ નારીની ગુલામી કરે છે, ધિક્કાર છે વિષય-તૃષ્ણાને !

૪૧ मयणनवणीयविलओ, जह जायइ जलणसंनिहाणंमि ।
तह रमणिसंनिहाणे, विद्दवइ मणो मुणीणं पि ॥८६॥

અગ્નિના સાંનિધ્યમાં મીણ અને માખણ જેમ ઓગળે, તેમ સ્ત્રીના સાંનિધ્યમાં મુનિઓનું પણ મન ઓગળે.

૬૮ जउनंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ।
रहनेमि राईमई, रायमइं कासि ही ! विसया ॥८७॥

શ્રી નેમિનાથ પ્રભુના ભાઈ, વ્રતધારી, ચરમશરીરી, મહાત્મા એવા યદુનંદન રથનેમિ પણ રાજીમતી પ્રત્યે રાગવાળા થયા. હા ! ધિક્કાર છે વિષયોને !

૬૯ मयणपवणेण जइ,
तारिसा वि सुरसेलनिच्चला चलिया ।
ता पक्कपत्तसत्ताण,
इअरसत्ताण का वत्ता ? ॥८८॥

તેમના જેવા મેરુપર્વત સમાન નિશ્ચળ આત્મા પણ કામદેવરૂપી પવનથી ચલિત થયા તો પાકા પાંદડાં જેવા બીજા જીવોની તો શી વાત કરવી ?

८९ ही संसारे विहिणा, महिलारूवेण मंडिअं जालं ।
बज्झंति जत्थ मूढा, मणुआ तिरिआ सुरा असुरा ॥८९॥

હા ! વિધિએ વિશ્વમાં સ્ત્રી રૂપી જાળ રચી છે, કે જેમાં મૂઢ થયેલા માનવો, તિર્યંચો, દેવો અને દાનવો પણ ફસાય છે.

९६ जह जह दोसा विरमइ, जह जह विसएहिं होइ वेरग्गं ।
तह तह विन्नायव्वं, आसन्नं से अ परमपयं ॥९०॥

જેમ જેમ દોષો વિરામ પામે અને જેમ જેમ વિષયોથી વિરાગ થાય, તેમ તેમ જીવનું પરમપદ નજીક જાણવું.

~~ संवेगमंजरीकुलकं ~~

५ कोडिं वराडअकए, हारेसि दहेसि चंदणतरुं पि ।
छारकए विक्किणसि अ, तणेण कप्पतरुं मूढ !॥९१॥

હે મૂર્ખ ! તું ફૂટી કોડી માટે એક કરોડ હારે છે, રાખ માટે ચંદનનું વૃક્ષ બાળે છે, ઘાસ માટે કલ્પવૃક્ષ કાપે છે...

६ जं विसमविससरिच्छेसु, तुच्छविसएसु लालसो होउं ।
न करेसि सिववहू-संगमिक्कदूअं तवं विउलं ॥९२॥

કે જે કાતિલ ઝેર જેવા વિષયોમાં આસક્ત થઈને શિવવધૂ (મોક્ષ) સાથે ભેટો કરાવનાર એકમાત્ર દૂત જેવા મહાન્ તપને કરતો નથી.

૭ जलपडिबिंबिअतरुअर-
फलेहिं को णाम पाविओ तित्तिं ? ।
सुमिणोवलद्धअत्थेण,
ईसरो को व संजाओ ? ॥९३॥

પાણીમાં પ્રતિબિંબિત થયેલા વૃક્ષના ફળોથી કોણ તૃપ્તિ પામ્યું છે ? અથવા સ્વપ્નમાં કમાયેલા પૈસાથી કોણ શ્રીમંત બન્યું છે ?

१४ विसएसु लोलुअं तुह, चित्तं कुलालचक्कं व ।
परिभममाणं दुग्गइ-दुहभंडे घडइ अखंडे ॥९४॥

વિષયોમાં આસક્ત તારું મન, કુંભારના ચાકડાની જેમ ફરતું સતત દુર્ગતિના દુઃખો રૂપ વાસણો બનાવી રહ્યું છે.

१५ रज्जेण न संतुस्सइ, न तप्पए अमरजणविलासेहिं ।
रे पाव ! तुज्झ चित्तं, रंकस्स व लज्जपरिहीणं ॥९५॥

હે પાપી ! તારું મન રાજ્યથી સંતોષ પામતું નથી, દેવતાના સુખોથી તૃપ્તિ પામતું નથી, ભિખારી જેવું બેશરમ છે.

१६ किंचि जया जं पेच्छसि, तं तं अपुव्वमेव मन्नेसि ।
भणसि अपुव्वं न कयाइ, सुक्खमेवंविहं पत्तं ॥९६॥

જ્યારે જે કાંઈ જુએ છે, તેને તેને નવું માને છે અને કહે છે - પહેલાં ક્યારેય આવું અપૂર્વ સુખ મળ્યું નથી...

१७ चिंतेसि न उण एअं, अणंतसो सुरनरेसु सुक्खाइं ।
पत्ताइं ताइं न सरसि, मणे मणागं पि रे पाव ! ॥९७॥

પણ હે પાપી ! તું વિચારતો નથી કે "દેવ-મનુષ્યમાં અનંત વાર સુખો મળ્યા છે, પણ તે મનમાં જરા પણ યાદ નથી (એટલે નવું લાગે છે.)"

१९ रे मूढ ! तुमं अकज्जे,
लीलाइ चहुट्टए जहा चित्तं ।
तह तह कज्जे वि तओ,
हविज्ज कइया वि नो दुक्खं ॥९८॥

હે મૂઢ ! અકાર્યમાં તારું મન જે રીતે સરળતાથી ચોંટે છે, તે જો સત્કાર્યમાં પણ તે રીતે ચોંટે તો કદાપિ તને દુ:ખ ન રહે.

२६ पच्चक्खं रे जिअ ! मोह-रायधाडी गिहंमि लूडेइ ।
सव्वस्सं तहवि तुमं, आणाए तस्स वट्टेसि ॥९९॥

હે જીવ ! તારી સામે જ મોહરાજાની સેના ઘરમાં જ સર્વસ્વ લૂંટે છે, તો પણ તું તેની જ આજ્ઞા માને છે !

## ~~ इन्द्रियविकारनिरोधकुलक ~~

१ रज्जाइभोगतिसिया, अट्टवसट्टा पडंति तिरिएसु ।
जाइमएण मत्ता, किमिजाइं चेव पावंति ॥१००॥

રાજ્ય વગેરે ભોગસામગ્રીની તૃષ્ણાવાળા આર્તધ્યાન કરીને તિર્યંચગતિમાં જાય છે. જાતિનું અભિમાન કરનાર કૃમિની જાતિ જ પામે છે.

२ कुलमत्ति सियालित्ते, उट्टाईजोणि जंति रूवमए ।
बलमत्ते वि पयंगा, बुद्धिमए कुक्कडा होंति ॥१०१॥

કુળનું અભિમાન કરનાર શિયાળ, રૂપનું અભિમાન કરનાર ઊંટ વગેરે, બળનું અભિમાન કરનાર પતંગિયા અને બુદ્ધિનું અભિમાન કરનાર કૂકડા થાય છે.

३ रिद्धिमए साणाई, सोहग्गमएण सप्पकागाई ।
नाणमएण बइल्ला, हवंति मय अट्ठ अइदुट्ठा ॥१०२॥

સંપત્તિનું અભિમાન કરનાર કૂતરા વગેરે, સૌભાગ્યનું અભિમાન કરનાર સર્પ-કાગડા વગેરે, જ્ઞાનનું અભિમાન કરનાર બળદ થાય છે. આઠે મદ અતિ દુષ્ટ છે.

४ कोहणसीला सीही, मायावी बगत्तणंमि वच्चंति ।
लोहिल्ल मूसगत्ते, एवं कसाएहिं भमडंति ॥१०३॥

ક્રોધી સ્વભાવવાળો અગ્નિરૂપે, માયાવી સ્વભાવવાળો બગલારૂપે, લોભી સ્વભાવવાળો ઉંદરરૂપે ઉત્પન્ન થાય છે. આમ, કષાયોથી સંસારમાં રખડે છે.

૫ माणसदंडेणं पुण, तंदुलमच्छा हवंति मणदुहा ।
सुयतित्तरलावाई, होउ वायाइ बज्झंति ॥१०४॥

મનોદંડથી મનથી જ દુઃખી એવા તંદુલિયામત્સ્ય થાય છે. દુષ્ટ વાણીથી પોપટ, તેતર, લાવક વગેરે થઈને (વાણીને કારણે પાંજરા આદિમાં) બંધાય છે.

૬ काएण महामच्छा, मंजारा हवंति तह कूरा ।
तं तं कुणंति कम्मं, जेण पुणो जंति नरएसु ॥१०५॥

કાયાની દુષ્ટ પ્રવૃત્તિથી ક્રૂર મહામત્સ્ય કે બિલાડા થાય છે. અને તે તે કામ કરે છે, તેનાથી ફરી નરકે જાય છે.

૭ फासिंदियदोसेणं, वणसूयरत्तंमि जंति जीवा वि ।
जीहालोलुय वग्घा, घाणवसा सप्पजाईसुं ॥१०६॥

સ્પર્શનેન્દ્રિયના દોષથી જંગલી સૂવર, રસનેન્દ્રિયની લોલુપતાથી વાઘ, ઘ્રાણેન્દ્રિયને પરવશ થયેલા સર્પજાતિરૂપે થાય છે.

૮ नयणिंदिए पयंगा, हुंति मया पुण सवणदोसेणं ।
एए पंच वि निहणं, वच्चंति पंचिंदिएहिं पुणा ॥१०७॥

ચક્ષુરિન્દ્રિયના દોષથી પતંગિયા, શ્રવણેન્દ્રિયના દોષથી હરણ થાય છે. આ પાંચે (સૂવર વગેરે) પાંચ ઇન્દ્રિયોના કારણે જ મૃત્યુ પામે છે.

९ जत्थ य विसयविराओ,
कसायचाओ गुणेसु अणुराओ ।
किरियासु अप्पमाओ,
सो धम्मो सिवसुहो लोए ॥१०८॥

જેમાં વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણનો અનુરાગ અને ક્રિયામાં અપ્રમાદ છે, તે ધર્મ જ જગતમાં મોક્ષસુખને આપનાર છે.

# કુલકસંગ્રહ - ૧

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

પદ્મજિનેન્દ્રસૂરિ, ગૌતમઋષિ, દેવેન્દ્રસૂરિ, ધર્મસૂરિશિષ્ય અને
અજ્ઞાત પૂર્વમહર્ષિઓ

| | | |
|---|---|---|
| **ગ્રંથ** | : | કુલક સૂક્ત - રત્ન - મંજૂષા - ૧ (સાર્થ) |
| **આધારગ્રંથ** | : | ઉપદેશરત્નમાલાકુલક, ગૌતમકુલક, આત્માવબોધકુલક, પ્રમાદપરિહારકુલક, મનોનિગ્રહકુલક, સારસમુચ્ચયકુલક, જીવાનુશાસ્તિકુલક, વૈરાગ્યકુલક |
| **આધારગ્રંથકર્તા** | : | પદ્મજિનેન્દ્રસૂરિ, ગૌતમઋષિ, દેવેન્દ્રસૂરિ, ધર્મસૂરિશિષ્ય અને અજ્ઞાત પૂર્વમહર્ષિઓ |
| **અર્થસંકલન** | : | પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : | દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી હિતાર્થરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : | પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : | અનેક |

## ~~ पद्मजिनेन्द्रसूरिकृतं उपदेशरत्नमालाकुलकम् ~~

१ उवएसरयणकोसं, नासिअनीसेसलोगदोगच्चं ।
उवएसरयणमालं, वुच्छं नमिऊण वीरजिणं ॥१॥

સર્વ લોકના દારિદ્ર્યનો નાશ કરનાર ઉપદેશરૂપ રત્નોના ભંડાર શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર કરીને ઉપદેશરત્નોની માળાને કહું છું.

२ जीवदयाइं रमिज्जइ,
इंदियवग्गो दमिज्जइ सया वि ।
सच्चं चेव वइज्जइ,
धम्मस्स रहस्समिणमेव ॥२॥

૧. જીવદયામાં રમવું, ૨. સદા ઈન્દ્રિયોનું દમન કરવું, ૩. સાચું જ બોલવું. આ જ ધર્મનું રહસ્ય છે.

३ सीलं न हु खंडिज्जइ,
न संवसिज्जइ समं कुसीलेहिं ।
गुरुवयणं न खलिज्जइ,
जइ नज्जइ धम्मपरमत्थो ॥३॥

જો ધર્મનો સાચો અર્થ સમજાયો હોય તો ૧. અખંડ શીલનું પાલન કરવું, ૨. કુશીલ સાથે વાસ ન કરવો અને ૩. ગુરુવચનનું ઉલ્લંઘન ન કરવું.

४ चवलं न चंकमिज्जइ,
विरज्जइ नेव उब्भडो वेसो ।
वंकं न पलोइज्जइ,
रुट्ठा वि कुणंति किं पिसुणा ? ॥४॥

૧. ઝડપથી ચાલવું નહીં, ૨. ઉદ્‌ભટ વેશ પહેરવો નહીં, ૩. વાંકું (આડું-અવળું) જોવું નહીં : તો દ્વેષી દુર્જનો પણ શું કરી શકશે ?

५ नियमिज्जइ नियजीहा,
अविआरियं नेव किज्जए कज्जं ।
न कुलकम्मो अ लुप्पइ,
कुविओ किं कुणइ कलिकालो ? ॥५॥

૧. જીભ પર નિયંત્રણ રાખવું. ૨. વિચાર્યા વિનાનું કાર્ય ન કરવું. ૩. કુલક્રમથી આવેલ આચારને લોપવો નહીં : તો રૂઠેલો કલિકાળ પણ શું કરી શકશે ?

६ मम्मं न उल्लविज्जइ,
कस्स वि आलं न दिज्जइ कया वि ।
को वि न अक्कोसिज्जइ,
सज्जणमग्गो इमो दुग्गो ॥६॥

૧. રહસ્ય ખોલવું નહીં ૨. કોઈના પર ક્યારેય આળ ન મૂકવું. ૩. કોઈના પર આક્રોશ ન કરવો. સજ્જનોનો આ અઘરો માર્ગ છે.

૭ सव्वस्स उवयरिज्जइ, न पम्हसिज्जइ परस्स उवयारो ।
विहलं अवलंघिज्जइ, उवएसो एस विउसाणं ॥७॥

૧. બધા પર ઉપકાર કરવો. ૨. બીજાનો ઉપકાર ભૂલવો નહીં. ૩. નિષ્ફળ કાર્ય ન કરવું. આ વિદ્વાનોનો ઉપદેશ છે.

૮ को वि न अब्भत्थिज्जइ,
किज्जइ कस्स वि न पत्थणाभंगो ।
दीणं न य जंपिज्जइ,
जीवीज्जइ जाव इहलोए ॥८॥

જ્યાં સુધી આલોકમાં જીવીએ ત્યાં સુધી ૧. કોઈને પ્રાર્થના ન કરવી. ૨. કોઈની પ્રાર્થનાનો ભંગ ન કરવો. ૩. દીન થઈને બોલવું નહીં.

९ अप्पा न पसंसिज्जइ,
निंदिज्जइ दुज्जणो वि न कया वि ।
बहु बहुसो न हसिज्जइ,
लब्भइ गुरुअत्तणं तेण ॥९॥

૧. પોતાની પ્રશંસા ન કરવી. ૨. દુર્જનની પણ કદાપિ નિંદા ન કરવી. ૩. વારંવાર / ઘણું હસવું નહીં. તેનાથી મહાન બનાય છે.

१० रिउणो न वीससिज्जइ, कया वि वंचिज्जइ न वीसत्थो ।
न कयग्घेहिं हविज्जइ, एसो नायस्स नीस्संदो ॥१०॥

૧. શત્રુનો વિશ્વાસ ન કરવો. ૨. વિશ્વાસ કરનારને ક્યારેય છેતરવો નહીં. ૩. કૃતઘ્ન ન બનવું. આ નીતિનો સાર છે.

११ रंजिज्जइ सुगुणेसु, कज्जइ रागो न नेहवज्जेसु ।
किरइ पत्तपरिक्खा, दक्खाण इमो अ कसवट्टो ॥११॥

૧. ગુણવાન્ પર રાગ કરવો. ૨. સ્નેહ રહિત પર રાગ કરવો નહીં. ૩. પાત્રની પરીક્ષા કરવી. કુશળતાની આ પરીક્ષા છે.

१२ नाकज्जमायरिज्जइ, अप्पा वाहिज्ज न वयणिज्जे ।
न य साहसं चइज्जइ, उब्भिज्जइ तेण जगहत्थो ॥१२॥

૧. અકાર્ય કરવું નહીં. ૨. નિંદનીય કાર્યમાં ખેંચાવું નહીં. ૩. સાહસ છોડવું નહીં : તો જગતમાં માન મળે.

१३ वसणे वि न मुज्झिज्जइ,
मुच्चइ णायो न नाम मरणे वि ।
विहवक्खए वि दिज्जइ,
वयमसिधारं सुधीराणं ॥१३॥

૧. આપત્તિમાં મૂંઝાવું નહીં. ૨. મોત આવે તો પણ નીતિ છોડવી નહીં. ૩. સંપત્તિ નાશ પામે તો પણ (માગનારને) આપવું. આ ધીરપુરુષોનું તલવારની ધાર જેવું વ્રત છે.

१४ अइनेहो न वहिज्जइ,
रुसिज्जइ न य पिये वि पइदियहं ।
वड्ढारिज्जइ न कली,
जलंजली दिज्जए दुहाणं ॥१४॥

૧. બહુ સ્નેહ કરવો નહીં. ૨. પ્રિય ઉપર પણ રોજ ગુસ્સો ન કરવો. ૩. ઝઘડો વધારવો નહીં. આમ, દુઃખોને જલાંજલિ (વિદાય) આપવી.

१५ न कुसंगेण वसिज्जइ,
बालस्स वि घिप्पए हिअं वयणं ।
अनायाओ निवट्टिज्जइ,
न होइ वयणिज्जया एवं ॥१५॥

૧. કુસંગમાં રહેવું નહીં. ૨. બાળનું પણ હિતકર વચન ગ્રહણ કરવું. ૩. અન્યાયથી પાછા ફરવું. આમ, નિંદનીય નહીં થવાય.

१६ विहवे वि न मज्जिज्जइ,
न विसीइज्जइ असंपयाए वि ।
वट्टिज्जइ समभावे,
न होइ रणणइ संतावो ॥१६॥

૧. વૈભવમાં અભિમાન ન કરવું. ૨. ન મળે તો શોક ન કરવો. ૩. સમભાવમાં રહેવું : તો સંતાપ નહીં થાય.

१७ वन्निज्जइ भिच्चगुणो,
न परुक्खं न य सुअस्स पच्चक्खं ।
महिलाउ नोभया वि हु,
न नस्सए जेण माहप्पं ॥१७॥

૧. નોકરના ગુણ પરોક્ષમાં ન કહેવા (પ્રત્યક્ષ કહેવા). ૨. પુત્રના ગુણ પ્રત્યક્ષમાં ન કહેવા (પરોક્ષ કહેવા). ૩. પત્નીના ગુણ એકેમાં ન કહેવા, જેથી ગૌરવ ઘટે નહીં.

१८ जंपिज्जइ पिअवयणं,
किज्जइ विणओ य दिज्जए दाणं ।
परगुणगहणं किज्जइ,
अमूलमंतं वसीकरणं ॥१८॥

૧. પ્રિયવચન બોલવું. ૨. વિનય કરવો. ૩. દાન આપવું. ૪. બીજાના ગુણ ગ્રહણ કરવા. આ મૂલ (મૂળિયા) કે મંત્ર વિનાનું વશીકરણ છે.

१९ पत्थावे जंपिज्जइ, सम्माणिज्जइ खलो वि बहुमज्झे ।
नज्जइ सपरविसेसो, सयलत्था तस्स सिज्झंति ॥१९॥

૧. અવસરે જ બોલવું. ૨. બધાની વચ્ચે દુર્જનનું પણ માન રાખવું. ૩. પોતાના-પારકાનો ફરક જાણવો. તેનાં બધાં કાર્યો સિદ્ધ થાય.

२० मंततंताण न पासे गम्मइ, न य परगिहे अबीएहिं।
पडिवन्नं पालिज्जइ, सुकुलीणत्तं हवइ एवं ॥२०॥

૧. મંત્ર-તંત્ર કરનાર પાસે જવું નહીં. ૨. બીજાના ઘરે એકલા જવું નહીં. ૩. પ્રતિજ્ઞાનું પાલન કરવું. એથી સુકુલીનતા થાય.

२१ भुंजइ भुंजाविज्जइ,
पुच्छिज्ज मणोगयं कहिज्ज सयं।
दिज्जइ लिज्जिइ उचिअ,
इच्छिज्जइ जइ थिरपिम्मं ॥२१॥

જો પ્રેમ કાયમ રાખવો હોય તો ૧. ખાવું. ૨. ખવડાવવું. ૩. પૂછવું. ૪. પોતાના મનમાં હોય તે કહેવું. ૫. ઉચિત આપવું અને લેવું.

२२ को वि न अवमन्निज्जइ,
न य गव्विज्जइ गुणेहिं निअएहिं ।
न विम्हिओ वहिज्जइ,
बहुरयणा जेणिमा पुहवी ॥२२॥

૧. કોઈનું અપમાન ન કરવું. ૨. પોતાના ગુણોનું અભિમાન ન કરવું. ૩. આશ્ચર્યમાં તણાવું નહીં. કારણકે પૃથ્વી બહુરત્ના છે.

२३ आरंभिज्जइ लहुअं,
किज्जइ कज्जं महंतमवि पच्छा ।
न य उक्करिसो किज्जइ,
लब्भइ गुरुअत्तणं जेण ॥२३॥

૧. નાનું કાર્ય શરૂ કરવું. ૨. પછી મોટું પણ કાર્ય કરવું. ૩. અભિમાન કરવું નહીં. તેનાથી ગૌરવ મળે.

२४ साहिज्जइ परमप्पा, अप्पसमाणो गणिज्जइ परो वि ।
किज्जइ न रागदोसो, छिन्निज्जइ तेण संसारो ॥२४॥

૧. પરમાત્માની સાધના કરવી. ૨. બીજાને પોતાની સમાન ગણવા. ૩. રાગ-દ્વેષ કરવા નહીં : તો સંસાર નાશ પામે.

~~ गौतमर्षिकृतं गौतमकुलकम् ~~

१ लुद्धा नरा अत्थपरा हवंति,
मूढा नरा कामपरा हवंति ।
बुद्धा नरा खंतिपरा हवंति,
मिस्सा नरा तिन्नि वि आयरंति ॥२५॥

લોભી માણસો ધન માટે દોડે છે. મૂઢ માણસો કામ-ભોગ પાછળ દોડે છે. જ્ઞાનીઓ ક્ષમાપ્રધાન હોય છે. મિશ્ર માણસો ત્રણે આચરે છે.

२ ते पंडिया जे विरया विरोहे,
ते साहुणो जे समयं चरंति ।
ते सत्तिणो जे न चलंति धम्मे,
ते बंधवा जे वसणे हवंति ॥२६॥

જે ઝઘડો ન કરે તે પંડિત છે. જે શાસ્ત્રને અનુસરે તે સાધુ છે. જે ધર્મથી ચળે નહીં તે સાત્ત્વિક છે. જે આપત્તિમાં સાથ આપે તે મિત્ર છે.

३ कोहाभिभूया न सुहं लहंति,
माणंसिणो सोयपरा हवंति ।
मायाविणो हुंति परस्स पेसा,
लुद्धा महिच्छा नरयं उविंति ॥२७॥

ક્રોધી સુખ ન પામે. માની શોક કરનારા હોય. માયાવી બીજાના નોકર થાય અને લોભીઓ ઘણી ઈચ્છાના કારણે નરકે જાય છે.

४ कोहो विसं किं अमयं अहिंसा,
माणो अरी किं हियमप्पमाओ ।
माया भयं किं सरणं तु सच्चं,
लोहो दुहं किं सुहमाह तुट्ठि ॥२८॥

ક્રોધ ઝેર છે, અહિંસા અમૃત છે. માન શત્રુ છે, અપ્રમાદ હિતકર છે. માયા ભય છે, સત્ય શરણ છે. લોભ દુઃખ છે, સંતોષ સુખ છે.

५ बुद्धी अचंडं भयए विणीयं,
कुद्धं कुसीलं भयए अकित्ती ।
संभिन्नचित्तं भयए अलच्छी,
सच्चे ठियं संभयए सिरी य ॥२९॥

વિનીત અને સૌમ્યને બુદ્ધિ, ક્રોધી અને કુશીલને અપયશ, ભ્રાન્તચિત્તવાળાને દરિદ્રતા અને સત્યવ્રતીને લક્ષ્મી મળે છે.

६ चयंति मित्ताणि नरं कयग्घं,
चयंति पावाइं मुणिं जयंतं ।
चयंति सुक्काणि सराणि हंसा,
चयंति बुद्धी कुवियं मणुस्सं ॥३०॥

કૃતઘ્ન માણસને મિત્રો, યતનાવાળા મુનિને પાપો, સૂકા તળાવને હંસ અને ગુસ્સે થયેલા માણસને બુદ્ધિ છોડી દે છે.

७ अरोइअत्थे कहिए विलावो,
असंपहारे कहिए विलावो ।
विक्खित्तचित्ते कहिए विलावो,
बहु कुसीसे कहिए विलावो ॥३१॥

ન ગમતું કહેવાથી, જેનો નિર્ણય ન થયો હોય તેવું કહેવાથી, બેધ્યાન શ્રોતાને કહેવાથી અને કુશિષ્યને ઘણું કહેવાથી પસ્તાવાનો જ વારો આવે છે.

८ दुट्ठा निवा दंडपरा हवंति,
विज्जाहरा मंतपरा हवंति ।
मुक्खा नरा कोवपरा हवंति,
सुसाहुणो तत्तपरा हवंति ॥३२॥

દુષ્ટ રાજા દંડમાં, વિદ્યાધરો મંત્રમાં, મૂર્ખો ગુસ્સો કરવામાં અને સુસાધુઓ તત્ત્વમાં પ્રયત્નશીલ હોય છે.

९ सोहा भवे उग्गतवस्स खंती,
समाहिजोगो पसमस्स सोहा ।
नाणं सुझाणं चरणस्स सोहा,
सीसस्स सोहा विणए पवित्ती ॥३३॥

ક્ષમા ઉગ્ર તપની, સમાધિ ઉપશમભાવની, જ્ઞાન અને શુભ ધ્યાન ચારિત્રની અને વિનયમાં પ્રવૃત્તિ શિષ્યની શોભા છે.

१० अभूसणो सोहइ बंभयारी,
अकिंचणो सोहइ दिक्खधारी ।
बुद्धिजुओ सोहइ रायमंती,
लज्जाजुओ सोहइ एगपत्ती ॥३४॥

બ્રહ્મચારી આભૂષણ રહિત હોય તો જ, દીક્ષિત સંપત્તિ રહિત હોય તો જ, મંત્રી બુદ્ધિશાળી હોય તો જ અને પરસ્રીત્યાગી લજ્જાળુ હોય તો જ શોભે છે.

११ अप्पा अरी होइ अणवड्डिअस्स,
अप्पा जसो सीलमओ नरस्स ।
अप्पा दुरप्पा अणवड्डियस्स,
अप्पा जिअप्पा सरणं गई य ॥३५॥

દુરાચારી માટે પોતાની જાત વૈરી છે, સદાચારીને માટે પોતાની જાત યશરૂપ છે. દુરાચારીનો આત્મા દુરાત્મા છે, ઈન્દ્રિયવિજેતાનો આત્મા શરણરૂપ, આશ્રયભૂત છે.

१२ न धम्मकज्जा परमत्थि कज्जं,
न पाणिहिंसा परमं अकज्जं ।
न पेमरागा परमत्थि बंधो,
न बोहिलाभा परमत्थि लाभो ॥३६॥

ધર્મકાર્યથી મોટું કોઈ કાર્ય નથી. જીવહિંસાથી મોટું કોઈ અકાર્ય નથી. પ્રેમરાગથી મોટું કોઈ બંધન નથી. સમ્યગ્દર્શનથી મોટો કોઈ લાભ નથી.

१३ न सेवियव्वा पमया परक्का,
न सेवियव्वा पुरिसा अविज्जा ।
न सेवियव्वा अहिमानि हीणा,
न सेवियव्वा पिसुणा मणुस्सा ॥३७॥

પારકી સ્ત્રી, અજ્ઞાની પુરુષ, અભિમાની એવા હીન અને ચાડી ખાનારાનો સંગ ન કરવો.

१४ जे धम्मिया ते खलु सेवियव्वा,
जे पंडिया ते खलु पुच्छियव्वा ।
जे साहुणो ते अभिवंदियव्वा,
जे निम्ममा ते पडिलाभियव्वा ॥३८॥

ધર્મીની સેવા કરવી. જ્ઞાનીને પૂછવું. સાધુને વંદન કરવા. મમત્વરહિતને દાન કરવું.

१५ पुत्ता य सीसा य समं विभत्ता,
रिसी य देवा य समं विभत्ता ।
मुक्खा तिरिक्खा य समं विभत्ता,
मुआ दरिद्दा य समं विभत्ता ॥३९॥

પુત્ર અને શિષ્ય, ઋષિ અને દેવ, મૂર્ખ અને પશુ, મૃત અને દરિદ્ર સમાન કહેવાયેલા છે.

१६ सव्वा कला धम्मकला जिणाइ,
सव्वा कहा धम्मकहा जिणाइ ।
सव्वं बलं धम्मबलं जिणाइ,
सव्वं सुहं धम्मसुहं जिणाइ ॥४०॥

ધર્મકળા બધી કળાને, ધર્મકથા બધી કથાને, ધર્મબળ બધા બળને, ધર્મનું સુખ બધા સુખને જીતે છે. (બધા કરતાં ચડિયાતા છે.)

१७ जूए पसत्तस्स धणस्स नासो,
मंसे पसत्तस्स दयाइ नासो ।
मज्जे पसत्तस्स जसस्स नासो,
वेसापसत्तस्स कुलस्स नासो ॥४१॥

જુગારમાં આસક્તનું ધન, માંસમાં આસક્તની દયા, દારુમાં આસક્તનો યશ અને વેશ્યામાં આસક્તના કુળનો નાશ થાય.

१८ हिंसापसत्तस्स सुधम्मनासो,
चोरीपसत्तस्स सरीरनासो ।
तहा परत्थिसु पसत्तयस्स,
सव्वस्स नासो अहमा गई य ॥४२॥

હિંસામાં આસક્તનો સુધર્મ, ચોરીમાં આસક્તનું શરીર, પરસ્ત્રીમાં આસક્તના સર્વસ્વનો નાશ થાય અને અધમ ગતિ થાય.

१९ दाणं दरिद्दस्स पहुस्स खंति,
इच्छानिरोहो य सुहोइयस्स ।
तारुण्णए इंदियनिग्गहो य,
चत्तारि एआणि सुदुक्कराणि ॥४३॥

દરિદ્ર માટે દાન, સત્તાધારી માટે ક્ષમા, પુણ્યશાળીને ઈચ્છાનિરોધ, યુવાનીમાં ઈન્દ્રિયનિરોધ - આ ચાર અતિદુષ્કર છે.

२० असासयं जीवियमाहु लोए,
धम्मं चरे साहु जिणोवइट्ठं ।
धम्मो य ताणं सरणं गई य,
धम्मं निसेवित्तु सुहं लहंति ॥४४॥

જગતમાં જીવન અનિત્ય કહ્યું છે એટલે જિનોક્ત ધર્મ સારી રીતે કરો. ધર્મ જ રક્ષણહાર, શરણભૂત, આશ્રયરૂપ છે. ધર્મને સેવનાર સુખ પામે છે.

## ~~ श्रीजयशेखरसूरिकृतं आत्मावबोधकुलकम् ~~

३ दम-सम-समत्त-मित्ती-संवेअ-विवेअ-तिव्वनिव्वेआ ।
एए पगूढअप्पावबोहबीअस्स अंकुरा ॥४५॥

ઈન્દ્રિયોનું દમન, ઉપશમભાવ, સમતા, મૈત્રી, સંવેગ, વિવેક અને તીવ્ર નિર્વેદ, એ અંદર રહેલા આત્મજ્ઞાનરૂપી બીજના બહાર ફૂટેલા અંકુરો છે.

૪ जो जाणइ अप्पाणं,
अप्पाणं सो सुहाण न हु कामी ।
पत्तम्मि कप्परुक्खे,
रुक्खे किं पत्थणा असणे ? ॥४६॥

જે આત્માને જાણે છે, તે તુચ્છ (ઈન્દ્રિયના) સુખોને ઈચ્છતો નથી. કલ્પવૃક્ષ મળ્યા પછી લુખ્ખા આહારની ઈચ્છા હોય ખરી ?

१४ लद्धा सुरनररिद्धी,
विसया वि सया निसेविया णेण ।
पुण संतोसेण विणा,
किं कत्थ वि निव्वुई जाया ? ॥४७॥

આ જીવે દેવ-મનુષ્યની ઋદ્ધિઓ મેળવી. હંમેશાં વિષયો પણ સેવ્યા. પણ સંતોષ વિના કદી કોઈને શાંતિ થઈ છે ?

१६ जं वाहिवालवेसानराण,
तुह वेरिआण साहीणे ।
देहे तत्थ ममत्तं,
जिअ ! कुणमाणो वि किं लहसि ? ॥४८॥

જે તારા શત્રુ જેવા રોગ, સર્પ, અગ્નિને આધીન છે, તે શરીર પર મમત્વ કરતો હે જીવ ! શું મેળવીશ ?

१७ वरभत्तपाणण्हाणय-सिंगारविलेवणेहिं पुट्ठो वि ।
निअपहुणो विहडंतो, सुणएण वि न सरिसो देहो ॥४९॥

ઉત્તમ આહાર-પાણી, સ્નાન, શૃંગાર, વિલેપનથી પુષ્ટ કરાવા છતાં પોતાના માલિકને છોડી દેનાર શરીર, કૂતરા જેટલું પણ વફાદાર નથી.

१८ कट्ठाइ कडुअ बहुहा, जं धणमावज्जिए तए जीव ! ।
कट्ठाइ तुज्झ दाउं, तं अंते गहिअमन्नेहिं ॥५०॥

હે જીવ ! ઘણાં તીવ્ર કષ્ટો સહન કરીને તેં જે ધન મેળવ્યું, તે અંતે તો તને જ કષ્ટ આપીને બીજાએ લઈ લીધું.

१९ जह जह अन्नाणवसा,
धणधन्नपरिग्गहं बहुं कुणसि ।
तह तह लहुं निमज्जसि,
भवे भवे भारिअ तरि व्व ॥५१॥

જેમ જેમ તું અજ્ઞાનવશાત્ ઘણાં ધન-ધાન્યનો પરિગ્રહ કરે છે, તેમ તેમ ભારે વહાણની જેમ સંસારમાં જલદી ડૂબી રહ્યો છે.

२० जा सुविणे वि हु दिट्ठा, हरेइ देहीण देहसव्वस्सं ।
सा नारी मारी इव, चयसु तुह दुब्बलत्तेणं ॥५२॥

જે સ્વપ્રમાં દેખાવામાત્રથી પણ જીવના શરીરનું બળ હરી લે છે, તે સ્ત્રીને તું પહેલેથી જ દુર્બળ હોવાથી મરકીની જેમ તજી દે.

૨૧ अहिलससि चित्तसुद्धिं, रज्जसि महिलासु अहह मूढत्तं ।
नीलीमिलिए वत्थंमि, धवलिमा किं चिरं ठाई ? ॥५३॥

ચિત્તશુદ્ધિને ઇચ્છે છે, અને સ્ત્રી પર રાગ કરે છે : રે તારી મૂઢતા ! ગળી કરેલા વસ્ત્રમાં સફેદાઈ શું લાંબો વખત રહેવાની છે ?

૨૨ मोहेणं भवे दुरिए, बंधिअ खित्तोसि नेहनिगडेहिं ।
बंधवमिसेण मुक्का, पाहरिआ तेसु को राओ ? ॥५४॥

મોહરાજાએ સ્નેહરૂપી સાંકળથી બાંધીને તને દુઃખભરપૂર સંસારમાં રાખ્યો છે. અને સ્વજનોના બહાનાએ ચોકીદારો રાખ્યા છે, તેના પર રાગ શો ?

૨૫ सयमेव कुणसि कम्मं,
तेण य वाहिज्जसि तुमं चेव ।
रे जीव ! अप्पवेरिअ !,
अन्नस्स य देसि किं दोसं ? ॥५५॥

તું પોતે જ કર્મ કરે છે અને તેનાથી જ દુઃખી થાય છે, પોતાની જાતનો શત્રુ તું જ છે, તો હે જીવ ! બીજાને શા માટે દોષ આપે છે ?

૩૮ अप्पाणमबोहंता, परं विबोहंति केइ ते वि जडा ।
भण परियणंमि छुहिए, सत्तागारेण किं कज्जं ? ॥५६॥

પોતાને જાગ્રત ન કરતા કેટલાક લોકો બીજાને બોધ પમાડે છે, તે પણ મૂર્ખ છે. તું જ કહે - પરિવાર ભૂખ્યો હોય ત્યારે સદાવ્રત કરીને શું લાભ ?

૪૦ अवरो न निंदिअव्वो, पसंसिअव्वो कया वि न हु ।
समभावो कायव्वो, बोहस्स रहस्समिणमेव ॥५७॥

બીજાની નિંદા ન કરવી. પોતાની ક્યારેય પ્રશંસા ન કરવી. સર્વત્ર સમભાવ રાખવો. આ જ જ્ઞાનનું રહસ્ય છે.

~~ अज्ञातपरमर्षिकृतं प्रमादपरिहारकुलकम् ~~

२ दसहिं चुल्लगाइहिं, दिट्ठंतेहिं कयाइओ ।
संसरंता भवे सत्ता, पावंति मणुयत्तणं ॥५८॥

ચોલ્લક (વારાફરતી મળતું ભોજન) વગેરે દશ દૃષ્ટાંતથી દુર્લભ એવા મનુષ્યપણાને સંસારમાં ભમતાં જીવો ક્યારેક જ પામે છે.

३ नरत्ते आरियं खित्तं, खित्ते वि विउलं कुलं ।
कुले वि उत्तमा जाई, जाईए रूवसंपया ॥५९॥

મનુષ્યપણામાં પણ આર્ય ક્ષેત્ર, તેમાં ય ઉત્તમ કુળ, તેમાં ય ઉત્તમ જાતિ, તેમાં ય અખંડ શરીર...

४ रूवे वि हु अरोगत्तं, अरोगे चिरजीवियं ।
हियाहियं चरित्ताणं, जीविए खलु दुल्लहं ॥६०॥

પૂર્ણ શરીરમાં પણ આરોગ્ય, તેમાં ય લાંબું જીવન, અને તેમાં ય કાર્યોમાં હિત-અહિતનું જ્ઞાન દુર્લભ છે.

५ सद्धम्मसवणं तंमि, सवणे धारणं तहा ।
धारणे सद्दहाणं च, सद्दहाणे वि संजमो ॥६१॥

તેમાં ય સદ્ધર્મનું શ્રવણ, શ્રવણ મળ્યા પછી તેની સ્મૃતિ, સ્મૃતિ થયા પછી શ્રદ્ધા અને શ્રદ્ધા થયા પછી સંયમ...

६ एवं रे जीव ! दुल्लहं, बारसंगाण संपयं ।
संपयं पाविऊणेह, पमाओ नेव जुज्जए ॥६२॥

હે જીવ ! આ પ્રમાણે બાર અંગોની પ્રાપ્તિ દુર્લભ છે. તે સંપદા પામીને પણ હવે પ્રમાદ કરવો યોગ્ય નથી.

९ वरं महाविसं भुत्तं, वरं अग्गीपवेसणं ।
वरं सत्तूहि संवासो, वरं सप्पेहि कालियं ॥६३॥

કાતિલ ઝેર ખાવું સારું, અગ્નિમાં પ્રવેશ કરવો સારો, શત્રુઓ વચ્ચે રહેવું સારું, સર્પનો દંશ સારો...

१० मा धम्मंमि पमाओ, जं एगमच्चू य विसाइणा ।
पमाएणं अणंताणि, जम्माणि मरणाणि य ॥६४॥

પણ ધર્મમાં પ્રમાદ સારો નહીં : કારણકે ઝેર વગેરેથી એક મોત આવે; પ્રમાદથી અનંતા જન્મ-મરણ થાય.

૧૭ जं संसारे महादुक्खं, जं मुक्खे सुक्खमक्खयं ।
पावंति पाणिणो तत्थ, पमाया अप्पमायओ ॥६५॥

જીવો સંસારમાં જે મહાદુઃખ પામે છે, મોક્ષમાં જે અક્ષય સુખ પામે છે, તેમાં પ્રમાદ-અપ્રમાદ જ કારણ છે.

૧૧ चउदसपुव्वी आहारगा य, मणनाणवीयरागा वि ।
हुंति पमायपरवसा, तयणंतरमेव चउगइया ॥६६॥

ચૌદપૂર્વી, આહારકશરીરી, મનઃપર્યવજ્ઞાની, વીતરાગ[1] પણ પ્રમાદને પરવશ થયેલા તે ભવ પછી તરત જ ચારે ગતિમાં રખડનારા થાય છે.

૧૮ पत्ते वि सुद्धसम्मत्ते, सत्ता सुत्तनिवत्तया ।
उववुत्ता जं न मग्गंमि, हा ! पमाओ दुरंतओ ॥६७॥

શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હોવા છતાં, શ્રુતનિપુણ જીવો પણ માર્ગમાં ઉપયુક્ત (પ્રયત્નશીલ) જણાતાં નથી, તેનું કારણ દુરંત પ્રમાદ જ છે.

૧૯ नाणं पढंति पाढंति, नाणासत्थविसारया ।
भुल्लंति ते पुणो मग्गं, हा ! पमाओ दुरंतओ ॥६८॥

૧. ઉપશમ શ્રેણિમાં અગિયારમા ગુણસ્થાને રહેલ જીવ સમજવો.

અનેક શાસ્ત્રોમાં નિપુણ જ્ઞાનીઓ જ્ઞાન ભણે-ભણાવે છે; પણ (આચરવાનું હોય ત્યારે) માર્ગને ભૂલી જાય છે, તેનું કારણ પણ દુરંત પ્રમાદ જ છે.

१२ सग्गापवग्गमग्गंमि, लग्गा वि जिणसासणे ।
पडिया हा पमाएणं, संसारे सेणियाइया ॥६९॥

સ્વર્ગ અને મોક્ષના માર્ગ રૂપ જિનશાસનમાં અનુરાગી હોવા છતાં શ્રેણિક વગેરે પ્રમાદથી દુર્ગતિમાં ગયા.

२३ सूरि वि महुरामंगू, सुत्तअत्थधरा थिरं ।
नगरनिद्धमणे जक्खो, पमाएणं अणंतसो ॥७०॥

સ્થિર સૂત્રાર્થના ધારક મથુરાના મંગુઆચાર્ય નગરની ખાળમાં યક્ષ થયા. આ રીતે પ્રમાદથી અનંતવાર તું પણ થયો છે.

२० अन्नेसिं दिंति संबोहं, निस्संदेहं दयालुआ ।
सयं मोहहया तहवि, पमाएणं अणंतसो ॥७१॥

નિઃશંકપણે કરુણાવંત એવા, બીજાને બોધ પમાડે છે, પણ પોતે પ્રમાદના કારણે અનંતવાર મોહ વડે હણાયા છે.

२९ जहा पयट्टंति अणज्जकज्जे,
तहा विनिच्छं मणसा वि नूणं ।
तहा खणेगं जइ धम्मकज्जे,
ता दुक्खिओ होइ न कोइ लोए ॥७२॥

જે રીતે અશુભ કાર્યમાં પ્રવૃત્ત થાય છે, તે રીતે જો એકમનથી એક ક્ષણ પણ ધર્મકાર્યમાં પ્રવૃત્ત થાય, તો જગતમાં કોઈ દુઃખી ન થાય.

~~ श्रीधर्मसूरिशिष्यकृतं मनोनिग्रहभावनाकुलकम् ~~

३ वायाए काएणं, मण-रहियाणं न दारुणं कम्मं ।
जोअणसहस्समाणो, मुच्छिममच्छो उदाहरणं ॥७३॥

મન વિનાના વચન-કાયાથી દારુણ કર્મ બંધાતું નથી. એક હજાર યોજન શરીરવાળો સંમૂર્ચ્છિમ મત્સ્ય તેનું ઉદાહરણ છે. (વધુમાં વધુ પહેલી નરકે જ જાય.)

४ वयकायविरहिआणं वि, कम्माणं चित्तमेत्तविहियाणं ।
अइघोरं होइ फलं, तंदुलमच्छुव्व जीवाणं ॥७४॥

વચન અને કાયા વગર, માત્ર મનથી કરેલા કર્મનું પણ જીવોને તંદુલમત્સ્યની જેમ અતિભયંકર ફળ મળે છે.

६ करयलगयमुत्तीणं, तित्थयरसमाणचरणभावाणं ।
ताणं पि हुज्ज दुक्करं, एअं ति अहो ! महच्छरिअं ॥७५॥

અહો ! મહા-આશ્ચર્ય છે કે, મુક્તિ જેને હાથવેંતમાં છે, તીર્થંકર જેવા (નિરતિચાર) ચારિત્રનું પાલન કરનારને પણ આ (મનનો નિગ્રહ) દુષ્કર છે.

૫ गलिअविवेगाण मणो, निग्गहिउं दुक्करं फुडं ताव ।
संजायविवेगाणं वि, दुक्करमेअं पि किर होइ ॥७६॥

વિવેક વિનાનાને તો મનનો નિગ્રહ કરવો સ્પષ્ટપણે દુષ્કર છે જ, પરંતુ વિવેકવંતને પણ તે ખરેખર દુષ્કર છે !

૨ संसारभवणखंभो, नरयानलपावणंमि सरलपहो ।
मणमनिवारिअमेअं, किं किं दुक्खं न जं कुणइ ? ॥७७॥

એવું કયું દુઃખ છે કે જે સંસારરૂપી મહેલના પાયા સમાન અને નરકરૂપી અગ્નિ તરફ લઈ જનાર રાજમાર્ગ એવું અનિયંત્રિત મન ન લાવે ?

૮ थेवमणदुक्कयस्स वि, जाणंतोऽईवदारुणविवागं ।
जह कह विक्खं चिअ, मणं धारेमि एगवत्थुंमि ॥७८॥

મનથી કરેલા થોડા પાપનું પણ અતિ દારુણ ફળ જાણીને કોઈક રીતે હું વિક્ષિપ્ત મનને સ્થિર રાખું છું.

૧૭ न हु अत्थि किंपि नूणं,
चंचलमण्णं मणाओ भवणंमि ।
तं पुण उवमामित्तं,
पवणपडागाइ जं भणियं ॥७९॥

મનથી વધારે ચંચળ જગતમાં કાંઈ નથી. પવન કે ધજા જેવું મન કહ્યું છે, તે માત્ર ઉપમા આપવા માટે છે (બાકી મન તે બધાથી ઘણું વધારે ચંચળ છે.)

१८ साहूण सावगाण य,
धम्मे जो कोई वित्थरो भणिओ ।
सो मणनिग्गहसारो,
जं फलसिद्धी तओ भणिया ॥८०॥

સાધુ અને શ્રાવકો માટે ધર્મનો જે કંઈ વિસ્તાર કહ્યો છે, તેનો સાર તો મનનો નિગ્રહ જ છે, કારણકે ફળની સિદ્ધિ તો તેનાથી જ કહી છે.

१९ जत्थ मणो तरलिज्जइ, सो संगो दूरओ उ चइअव्वो ।
बहुरयणसणाहेणं, दुज्जयचोराण जह पंथा ॥८१॥

જેમ ઘણાં રત્નો લઈને જઈ રહેલો માણસ, દુર્જય ચોરોથી ભરેલો રસ્તો છોડી દે છે તેમ જેનાથી મન બગડે, તેનો સંગ દૂરથી જ તજવો.

२५ इंदिअलोलो को वि हु, वहइ सद्दाइएसु विसएसु ।
तह वि न होइ तित्ती, तण्ह च्चिअ वित्थरइ नवरं ॥८२॥

ઈન્દ્રિયલોલુપ કોઈ જીવ, શબ્દાદિ વિષયોમાં રમે છે, તો પણ તૃપ્તિ થતી નથી, પણ તૃષ્ણા જ વધે છે.

३० दुग्गंध-असुइपुण्णो, बाहिं सव्वत्थ चितिओ करगो ।
पट्टंसुअनूत्तणयं, दाउं पिहिओ अ पुप्फेहिं ॥८३॥

દુર્ગંધી અશુચિથી ભરેલો ઘડો, બહારથી રંગેલો, રેશમી વસ્ત્રથી બાંધીને ફૂલોથી ઢાંકી દીધો હોય તો...

३१ दिट्ठो हरेइ चित्तं,
गंधो असुईए झरइ तं च ।
मूढो वि तं न गहिउं,
कुणइ मणं किं पुण विवेगी ? ॥८४॥

જોવાથી મન હરી લે, પણ અશુચિની ગંધ મનને અકળાવે છે, મૂર્ખ પણ તે લેવા ઈચ્છતો નથી, વિવેકીનું તો શું પૂછવું ?

३२ एवं चिअ नारीसु, वत्थालंकारभूसिअंगीसु ।
आवायमित्तरूवं, पिच्छिअ तत्तं विभावसु ॥८५॥

એ જ પ્રમાણે વસ્ત્ર-અલંકારથી શોભતી સ્ત્રીનું બાહ્ય રૂપ જોઈને તત્ત્વ વિચાર.. કે...

३३ असुईए अट्ठीणं, सोणिअकिमिजालपूइमंसाणं ।
नामं पि चिंतिअ खलु, कलमलयं जणइ हियंमि ॥८६॥

હાડકાં, લોહી, કૃમિનો સમૂહ, રસી અને માંસરૂપ અશુચિનું નામ વિચારવાથી પણ હૃદયમાં જુગુપ્સા થાય છે. (તેથી સ્ત્રીશરીર પણ વિવેકીએ તજવા યોગ્ય છે.)

३९ हुं दुक्करे वि मग्गे, एगो इत्थेव हवइ हु उवाओ ।
खणमित्तं पि न दिज्जइ, मणपसरो जं पमायस्स ॥८७॥

હા, દુષ્કર એવા માર્ગમાં પણ એક જ ઉપાય છે કે પ્રમાદને ક્ષણવાર પણ મનમાં પ્રવેશવા ન દેવો.

૭ मणनिग्गहवीसासो, कइया वि न जुज्जए इहं काउं ।
अप्पडिवायं नाणं, उप्पण्णं जा न जीवाणं ॥८८॥

જ્યાં સુધી જીવને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી મનનું નિયંત્રણ થઈ ગયું છે એવો વિશ્વાસ કરવા જેવો નથી.

~~ अज्ञातपूर्वर्षिकृतं सारसमुच्चयकुलकम् ~~

२ उच्छुन्ना किं च जरा ?
नट्ठा रोगा य किं गयं मरणं ? ।
ठइयं च नरकदारं ?,
जेण जणो कुणइ न य धम्मं ॥८९॥

શું વૃદ્ધાવસ્થા ભાગી ગઈ છે ? રોગો નાસી ગયા છે ? મૃત્યુ મરી ગયું છે ? નરકના દરવાજા બંધ થઈ ગયા છે ? કે જેથી લોકો ધર્મ કરતા નથી ?

३ जाणइ जणो मरिज्जइ,
पेच्छइ लोओ मरंतयं अन्नं ।
न य कोइ जए अमरो,
कह तह वि अणायरो धम्मे ? ॥९०॥

સહુ જાણે છે કે પોતે મરવાના છે. બીજાને મરતા પણ લોકો જુએ છે. કોઈ જગતમાં અમર નથી. તો પણ ધર્મમાં અનાદર કેમ ?

૬ धम्मं करेह तुरियं, धम्मेण य हुंति सव्वसुक्खाइं ।
सो अभयपयाणेणं, पंचिंदियनिग्गहेणं च ॥९१॥

ધર્મ તરત કરો. ધર્મથી સર્વ સુખો મળે છે. તે ધર્મ અભયદાન અને પાંચ ઈન્દ્રિયના નિગ્રહથી થાય છે.

૯ न य किंची इहं लोए, जीयाहिंतो जीयाण दइययरं ।
तो अभयपयाणाओ, न य अन्नं उत्तमं दाणं ॥९२॥

આ જગતમાં જીવોને પોતાના જીવનથી વધુ પ્રિય કાંઈ નથી. એટલે અભયદાનથી ઉત્તમ કોઈ દાન નથી.

૧૧ किं पढिएण सुएण व, वक्खाणिएण काइं किर तेण ?।
जत्थ न नज्जइ एयं, परस्स पीडा न कायव्वा ॥९३॥

તે ભણીને, સાંભળીને કે કહીને પણ શું કરવાનું ? જ્યાં 'બીજાને દુઃખ ન આપવું' એ ન જણાય ?

૧૨ जो पहरइ जीवाणं, पहरइ सो अत्तणो सरीरंमि ।
अप्पाण वेरिओ सो, दुक्खसहस्साण आभागी ॥९४॥

જે જીવોની ઉપર પ્રહાર કરે છે, તે ખરેખર તો પોતાના શરીર પર જ પ્રહાર કરે છે. જાતનો જ શત્રુ એવો તે હજારો દુઃખો ભોગવશે.

૧૩ जं काणा खुज्जा वामणा य, तह चेव रूवपरिहीणा ।
उप्पज्जंति अहन्ना, भोगेहिं विवज्जिया पुरिसा ॥९५॥

જે કાણા, કુબડા, ઠીંગણા, કદરૂપા, ભોગ-સામગ્રી રહિત બિચારા માણસો જન્મે છે...

१४ इय जं पाविंति य, दुहसयाइं जणहिययसोगजणयाइं ।
तं जीवदयाए विणा, पावाण वियंभियं एयं ॥९६॥

અને લોકોના હૃદયમાં શોક ઉત્પન્ન કરનારા સેંકડો દુઃખો પામે છે, તે જીવદયા વિનાના પાપકાર્યોનું પરિણામ છે.

१७ नरए जिय ! दुस्सहवेयणाओ,
पत्ताओ जाओ पइं मूढ ! ।
जइ ताओ सरसि इण्हिं,
भत्तं पि न रुच्चए तुज्झ ॥९७॥

હે મૂઢ જીવ ! નરકમાં જે દુસ્સહ વેદનાઓ પામ્યો છે તે જો હમણાં યાદ આવે, તો તને ખાવાનું ય નહીં ભાવે.

१८ अच्छंतु ताव निरया, जं दुक्खं गब्भवासमज्झंमि ।
पत्तं तु वेयणिज्जं, तं संपइ तुज्झ वीसरियं ॥९८॥

નરક તો દૂર રહો, ગર્ભવાસમાં ભોગવવા યોગ્ય જે દુઃખ પામ્યો હતો, તે પણ હમણાં તું ભૂલી ગયો છે.

१९ भमिऊण भवग्गहणे, दुक्खाणि य पाविऊण विविहाइं ।
लब्भइ माणुसजम्मं, अणेगभवकोडिदुल्लभं ॥९९॥

સંસારમાં રખડીને, વિવિધ પ્રકારના દુઃખો ભોગવીને, અનેક ક્રોડ ભવોમાં દુર્લભ એવો મનુષ્યજન્મ મળે છે.

૨૦ तत्थ वि य केइ गब्भे, मरंति बालत्तणंमि तारुन्ने ।
अन्ने पुण अंधलया, जावज्जीवं दुहं तेसिं ॥१००॥

ત્યાં પણ કેટલાક ગર્ભમાં, કેટલાક બાળપણમાં, કેટલાક યુવાનીમાં જ મરી જાય છે. બીજા કેટલાક આંધળા યાવજ્જીવ દુઃખી જ થાય છે.

૨૧ अन्ने पुण कोढियया, खयवाहीसहियपंगुभूया य ।
दारिद्देणऽभिभूया, परकम्मकरा नरा बहवे ॥१०१॥

બીજા કેટલાક માણસો કોઢીયા, ક્ષયરોગવાળા, લંગડા હોય છે. ઘણા માણસો ગરીબીથી દુઃખી થયેલા બીજાનું કામ કરે છે.

૨૨ ते चेव जोणिलक्खा,
भमियव्वा पुण वि जीव ! संसारे ।
लहिऊण माणुसत्तं,
जं कुणसि न उज्जमं धम्मे ॥१०२॥

હે જીવ ! મનુષ્યભવ મળ્યા પછી પણ જો તું ધર્મ કરતો નથી, તો સંસારમાં ફરી તે જ ચોર્યાશી લાખ યોનિમાં ભટકવું પડશે.

૨૯ अच्चंतविवज्जासिय-मइणो परमत्थदुक्खरूवेसु ।
संसारसुहलवेसुं, मा कुणह खणं पि पडिबंधं ॥१०३॥

પરમાર્થથી દુઃખરૂપ એવા સંસારના આંશિક સુખમાં અત્યંત વિપરીત મતિવાળા થઈને ક્ષણમાત્ર પણ રાગ ન કરો.

૩૦ किं सुमिणदिट्ठपरमत्थ-सुन्नवत्थुस्स करहु पडिबंधं ? ।
सव्वं पि खणियमेयं, विहडिस्सइ पेच्छमाणाण ॥१०४॥

શું સ્વપ્નમાં જોયેલ, કાલ્પનિક એવી વસ્તુમાં રાગ કરો છો ? (તે રીતે જ) આ બધું જ ક્ષણિક છે, નજર સામે જ નાશ પામશે.

~~ अज्ञातमहर्षिकृतं जीवानुशास्तिकुलकम् ~~

૨ रे जीव ! चिंतसु तुमं, निमित्तमित्तं परो हवइ तुज्झ ।
असुहपरिणामजणियं, फलमेयं पुव्वकम्माणं ॥१०५॥

હે જીવ ! તું વિચાર કે આ બધું તારા અશુભ પરિણામથી જનિત, પૂર્વ કર્મોનું ફળ છે. બીજો તો નિમિત્તમાત્ર છે.

૧૧ जीविअं मरणेण समं,
उप्पज्जइ जुव्वणं सह जराए ।
रिद्धी विणाससहिआ,
हरिसविसाओ न कायव्वो ॥१०६॥

જીવન મરણની સાથે જ, યૌવન વૃદ્ધાવસ્થાની સાથે જ, સંપત્તિ વિનાશની સાથે જ ઉત્પન્ન થાય છે. તેથી સંપત્તિ વગેરેનો હર્ષ કે મરણ વગેરેનો ખેદ ન કરવો.

आ. देवेन्द्रसुरिकृतं वैराग्यकुलकम्

६ किंपाकफलसमाणा, विसया हालाहलोवमा पावा ।
मुहमहुरत्तणसारा, परिणामे दारुणसहावा ॥१०७॥

પાપી વિષયો કિંપાકફળ અને હળાહળ ઝેર જેવા છે - શરૂઆતમાં મીઠા લાગે, પરિણામે દારુણ છે.

२२ ता मा कुणसु कसाए, इंदियवसगो मा तुमं होसु ।
देविंदसाहुमहियं, सिवसुक्खं जेण पाविहिसि ॥१०८॥

એટલે તું કષાય ન કર, ઇન્દ્રિયને વશ ન થા, જેથી દેવેન્દ્રો અને સાધુઓથી વખણાયેલા મોક્ષસુખને પામીશ.

# કુલકસંગ્રહ - ૨

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

આ. સોમસુંદરસૂરિ, આ. રત્નસિંહસૂરિ,

મહો. યશોવિજયજી, આ. દેવેન્દ્રસૂરિ અને પૂર્વમહર્ષિઓ

| | |
|---|---|
| **મૂલગ્રંથ** | : કુલક સૂક્તરત્નમંજૂષા - ૨ (સાર્થ) |
| **આધારગ્રંથ** | : ગુણાનુરાગકુલક, ધર્માચાર્યબહુમાનકુલક, ગુરુતત્ત્વવિનિશ્ચય, દાનકુલક, શીલકુલક, તપકુલક, ભાવકુલક, સંવિગ્નસાધુયોગ્ય-નિયમકુલક, ચારિત્રમનોરથમાળા, યતિશિક્ષાપંચાશિકા |
| **આધારગ્રંથકર્તા** | : આ. સોમસુંદરસૂરિ, આ. રત્નસિંહસૂરિ, મહો. યશોવિજયજી, આ. દેવેન્દ્રસૂરિ અને પૂર્વમહર્ષિઓ |
| **અર્થસંકલન** | : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી હિતાર્થરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : અનેક |

## ~~ सोमसुंदरसूरिकृतं गुणानुरागकुलकम् ~~

૧ सयलकल्लाणनिलयं, नमिऊण तित्थनाहपयकमलं ।
परगुणगहणसरूवं, भणामि सोहग्गसिरिजणयं ॥१॥

સકલ સુખોના ધામ એવા તીર્થંકર પ્રભુના ચરણકમળને નમીને, સૌભાગ્યલક્ષ્મીદાયક એવા બીજાના ગુણના ગ્રહણનું સ્વરૂપ કહું છું.

૨ उत्तमगुणाणुराओ, निवसइ हिययंमि जस्स पुरिसस्स ।
आतित्थयरपयाओ, न दुल्लहा तस्स रिद्धीओ ॥२॥

જે માણસના હૃદયમાં ઉત્તમ ગુણોનો અનુરાગ છે, તેને તીર્થંકરપદ સુધીની ઋદ્ધિઓ પણ દુર્લભ નથી.

૪ किं बहुणा भणिएणं ?,
किं वा तविएण ? किं व दाणेणं ? ।
इक्कं गुणाणुरायं,
सिक्खह सुक्खाण कुलभवणं ॥३॥

વધુ શું કહીએ ? તપ કરવાથી કે દાન કરવાથી શું ? સુખોના ઘર સમાન એક ગુણાનુરાગ જ શીખો.

૫ जइ चरसि तवं विउलं, पढसि सुयं करिसि विविहकट्ठाइं ।
न धरसि गुणाणुरायं, परेसु ता निप्फलं सयलं ॥४॥

ઘણું તપ કરે, જ્ઞાન ભણે, વિવિધ કષ્ટ સહન કરે, પણ જો બીજાના ગુણો પર અનુરાગ ધરતો નથી, તો બધું નિષ્ફળ છે.

६ सोऊण गुणुक्करिसं, अन्नस्स करेसि मच्छरं जइ वि ।
ता नूणं संसारे, पराहवं सहसि सव्वत्थ ॥५॥

જો બીજાના ગુણોનો ઉત્કર્ષ સાંભળીને ઈર્ષ્યા કરીશ, તો સંસારમાં બધે જ અપમાનિત થઈશ.

८ जं अब्भसेइ जीवो, गुणं च दोसं च इत्थ जम्मंमि ।
तं परलोए पावइ, अब्भासेणं पुणो तेण ॥६॥

જીવ આ જન્મમાં જે ગુણ કે દોષનો અભ્યાસ કરે છે, તે અભ્યાસથી પરલોકમાં ફરી તે જ ગુણ કે દોષને પામે છે.

११ तं नियमा मुत्तव्वं, जत्तो उप्पज्जए कसायग्गी ।
तं वत्थुं धारिज्जा, जेणोवसमो कसायाणं ॥७॥

જેનાથી કષાયરૂપી અગ્નિ સળગે, તે અવશ્ય તજવું. જેનાથી કષાયનો ઉપશમ થાય, તે ધારણ કરવું.

२३ पासत्थाइसु अहुणा, संजमसिढिलेसु मुक्कजोगेसु ।
नो गरिहा कायव्वा, नेव पसंसा सहामज्झे ॥८॥

વર્તમાન કાળમાં, સંયમમાં શિથિલ, સંયમયોગોથી રહિત પાર્શ્વસ્થાદિની નિંદા પણ ન કરવી અને સભામાં (જાહેરમાં) પ્રશંસા પણ ન કરવી.

૨૪ काऊण तेसु करुणं, जइ मन्नइ तो पयासए मग्गं ।
अह रुसइ तो नियमा, न तेसिं दोसे पयासेइ ॥९॥

જો માને તેમ હોય તો તેમના પર કરુણા કરીને શુદ્ધ માર્ગ કહેવો. જો ગુસ્સે થાય તો પછી તેમના દોષો ન જ કહેવા.

૨૫ संपइ दूसमसमए, दीसइ थोवो वि जस्स धम्मगुणो ।
बहुमाणो कायव्वो, तस्स सया धम्मबुद्धीए ॥१०॥

વર્તમાનમાં દુઃષમકાળમાં જેનામાં થોડો પણ ધર્મગુણ દેખાય, તેનું હંમેશાં ધર્મબુદ્ધિથી બહુમાન કરવું.

૨૬ जे उ परगच्छि सगच्छि, जे संविग्गा बहुस्सुया मुणिणो ।
तेसिं गुणाणुरायं, मा मुंचसु मच्छरप्पहओ ॥११॥

ઈર્ષ્યાથી પ્રેરાઈને સ્વ કે પરગચ્છમાં રહેલા સંવિગ્ન - બહુશ્રુત મુનિઓના ગુણોનો અનુરાગ છોડીશ નહીં.

~~ रत्नसिंहसूरिकृतं धर्माचार्यबहुमानकुलकम् ~~

३ गरुयगुणेहिं सीसो,
अहिओ गुरुणो हविज्ज जइ वि ।
तह वि हु आणा सीसे,
सीसेहिं तस्स धरिअव्वा ॥१२॥

શિષ્ય કદાચ ગુરુથી ઘણાં ગુણોથી અધિક હોય તો પણ શિષ્યએ ગુરુની આજ્ઞા મસ્તક પર જ ધારણ કરવી જોઈએ.

૪ जइ कुणइ उग्गदंडं, रुसइ लहुण वि विणयभंगंमि ।
चोयइ फरुसगिराए, ताडइ दंडेण जइ कह वि ॥१३॥

કદાચ ઉગ્ર શિક્ષા કરે, વિનયના અલ્પ ભંગમાં પણ ગુસ્સે થાય, કઠોર શબ્દોથી ખખડાવે કે લાકડીથી મારે...

૫ अप्पसुए वि सुहेसी, हवइ मणागं पमायसीलो वि ।
तह वि हु सो सीसेहिं, पूइज्जइ देवयं व गुरु ॥१४॥

અલ્પ જ્ઞાની હોય કે સુખશીલ એવા ગુરુ કંઈક પ્રમાદી હોય, તો પણ શિષ્યોએ ગુરુની ભગવાનની જેમ પૂજા કરવી.

६ सोच्चिय सीसो सीसो, जो नाउं इंगियं गुरुजणस्स ।
वट्टइ कज्जंमि सया, सेसो भिच्चो वयणकारी ॥१५॥

તે જ શિષ્ય ખરો શિષ્ય છે, જે ગુરુના ઇંગિતને જાણીને (તેમની ઈચ્છા મુજબ) સદા કામ કરે; બાકીના કહ્યા પછી કરનારા તો નોકર જેવા છે.

૭ जस्स गुरुंमि न भत्ति, निवसइ हिययंमि वज्जरेहव्व ।
किं तस्स जीविएणं, विडंबणामेत्तरूवेणं ? ॥१६॥

જેના હૃદયમાં ગુરુ પરની ભક્તિ વજરેખા સમાન (દૃઢ) નથી, તેના વિડંબણામાત્રરૂપ જીવનનો શો અર્થ ?

૮ पच्चक्खमह परोक्खं, अवन्नवायं गुरूण जो कुज्जा ।
जम्मंतरे वि दुलहं, जिणिंदवयणं पुणो तस्स ॥१७॥

પ્રત્યક્ષમાં કે પરોક્ષમાં ગુરુના જે અવર્ણવાદ કરે, તેને ભવાંતરમાં પણ જિનવચન દુર્લભ છે.

१० जलपाणदायगस्स वि, उवयारो न तीरए काउं ।
किं पुण भवन्नवाओ, जो तारइ तस्स सुहगुरुणो ? ॥१८॥

પાણી પીવડાવનારનો ઉપકાર પણ વાળી શકાય નહીં; તો સંસારસમુદ્રમાંથી જેણે તાર્યા, તે સદ્‌ગુરુનો ઉપકાર તો શી રીતે વાળી શકાય ?

१३ एसा च्चिय परमकला, एसो धम्मो इमं परं तत्तं ।
गुरुमाणसमणुकूलं, जं किज्जइ सीसवग्गेणं ॥१९॥

શિષ્યસમૂહ વડે ગુરુના મનને અનુકૂળ કરવું, એ જ શ્રેષ્ઠ કળા, ખરો ધર્મ અને શ્રેષ્ઠ તત્ત્વ છે.

१४ जुत्तं चिय गुरुवयणं, अहव अजुत्तं व होज्ज दइवाओ ।
तह वि हु एयं तित्थं, जं हुज्जा तं पि कल्लाणं ॥२०॥

ગુરુનું વચન યુક્તિયુક્ત જ હોય. અથવા કદાચ ભાગ્યવશાત્ યુક્તિરહિત હોય તો પણ તે તીર્થ (તારનાર) જ છે. જે થશે, તે કલ્યાણ કરનારું જ હશે.

१५ किं ताए रिद्धीए, चोरस्स व वज्झमंडणसमाए ? ।
गुरुयणमणं विराहिय, जं सीसा कह वि वंछंति ॥२१॥

ગુરુની ઇચ્છા અવગણીને શિષ્યો જે કંઈ ઇચ્છે છે, તે બધું ફાંસી અપાનારા ચોરના શણગાર જેવું છે. તેનાથી શો લાભ ?

૧૮ काउं गुरुं पि कज्जं, न कहंति य पुच्छिआ वि गोविंति ।
जे उण एरिसचरिया, गुरुकुलवासेण किं ताणं ? ॥२२॥

મોટું કાર્ય કરીને પણ કહે નહીં, પૂછે તોય છુપાવે. જે આવા આચરણવાળા છે, તેમને ગુરુકુળવાસથી પણ શો લાભ થશે ?

૧૯ जोग्गाजोग्गसरूवं, नाउं केणावि कारणवसेणं ।
सम्माणाइविसेसं, गुरुणो दंसंति सीसाणं ॥२३॥

યોગ્યતા-અયોગ્યતા જાણીને કોઈ પણ કારણથી ગુરુ શિષ્યોમાં સન્માનાદિ ઓછા-વત્તા બતાવે છે...

૨૦ एसो सया वि मग्गो, एगसहावा न हुंति जं सीसा ।
इय जाणिय परमत्थं, गुरुंमि खेओ न कायव्वो ॥२४॥

સદા આ જ માર્ગ છે, કારણકે બધા શિષ્યો એકસરખા નથી હોતા. આ વાસ્તવિકતા જાણીને ગુરુ ઉપર દુર્ભાવ ન કરવો.

૨૫ समयाणुसारिणो जे गुरुणो, ते गोयमं व सेवेज्जा ।
मा चिंतह कुविकप्पं, जइ इच्छह साहिउं मोक्खं ॥२५॥

જો મોક્ષને સાધવા ઇચ્છતો હો, તો કાળને અનુરૂપ જે ગુરુ છે, તેની ગૌતમની જેમ સેવા કરો, કુવિકલ્પો ન કરો.

२८ आराहणाओ गुरुणो,
अवरं न हु किंपि अत्थि इह अमियं ।
तस्स य विराहणाओ,
बीयं हालाहलं नत्थि ॥२६॥

ગુરુની આરાધનાથી વધીને બીજું કોઈ અમૃત નથી, તેમની વિરાધનાથી વધીને બીજું કોઈ હલાહલ ઝેર નથી.

२९ एयं पि हु सोऊणं,
गुरुभत्ति नेव निम्मला जस्स ।
भवियव्वया पमाणं,
किं भणिमो तस्स पुण अन्नं ? ॥२७॥

આ સાંભળીને પણ જેને ગુરુ પર નિર્મળ ભક્તિ ન જાગે, તેને બીજું શું કહીએ ? ભવિતવ્યતા પ્રમાણ છે.

~~ महो. यशोविजयजीविरचितः गुरुतत्त्वविनिश्चयः ~~

१ गुरुआणाए मुक्खो, गुरुप्पसाया उ अट्ठसिद्धीओ ।
गुरुभत्तीए विज्जा-साफल्लं होइ नियमेणं ॥२८॥

ગુરુની આજ્ઞાથી મોક્ષ, ગુરુની કૃપાથી આઠે સિદ્ધિઓ, ગુરુની ભક્તિથી વિદ્યાઓની સિદ્ધિ અવશ્ય થાય છે.

३ सरणं भव्वजिआणं, संसाराडविमहाकडिल्लंमि ।
मुत्तूण गुरुं अन्नो, णत्थि ण होही ण वि य हुत्था ॥२९॥

ભવ્યજીવોને સંસારરૂપ ભયાનક જંગલમાં ગુરુને છોડીને બીજું કાંઈ શરણરૂપ હતું નહીં, છે નહીં, થશે પણ નહીં.

६ जे किर पएसिपमुहा, पाविठ्ठा दुठ्ठधिठ्ठनिल्लज्जा ।
गुरुहत्थालंबेणं, संपत्ता ते वि य परमपयं ॥३०॥

પ્રદેશી વગેરે જે પાપી, દુષ્ટ, ધીટ્ટા, નિર્લજ્જ હતા, તે પણ ગુરુના સહારે પરમપદને પામ્યા.

७ उज्झियघरवासाण वि, जं किर कट्ठस्स णत्थि साफल्लं ।
तं गुरुभत्तीए च्चिय, कोडिन्नाइण वि हविज्ज ॥३१॥

ઘરને છોડનારાને પણ કષ્ટનું ફળ જે નથી મળતું, તે કૌડિન્ય વગેરે તાપસોની જેમ ગુરુભક્તિથી મળે છે.

८ दुहगब्भि मोहगब्भे, वेरग्गे संठिया जणा बहवे ।
गुरुपरतंताण हवे, हंदि तयं नाणगब्भं तु ॥३२॥

દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યવાળા તો ઘણા લોકો છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય, ગુરુપરતંત્રને જ હોય છે.

~~ देवेन्द्रसूरिकृतं दानकुलकम् ~~

५ धणसत्थवाहजम्मे, जं घयदाणं कयं सुसाहूणं ।
तक्कारणमुसभजिणो, तेलुक्कपियामहो जाओ ॥३३॥

ધન સાર્થવાહના ભવમાં સાધુઓને જે ઘી વહોરાવ્યું, તેનાથી ઋષભદેવ ભગવાન ત્રણ લોકના નાથ થયા.

૬ करुणाइ दिन्नदाणो, जम्मंतरगहिअपुण्णकिरिआणो ।
तित्थयरचक्करिद्धिं, संपत्तो संतिनाहो वि ॥३४॥

કરુણાથી (અભય)દાન આપનાર અને ભવાંતરમાં પુણ્યનું કરિયાણું બાંધનાર શાંતિનાથ ભગવાન તીર્થંકર અને ચક્રવર્તીની ઋદ્ધિ પામ્યા.

૭ पंचसयसाहुभोयण-दाणावज्जियसुपुण्णपब्भारो ।
अच्छरिअचरिअभरिओ, भरहो भरहाहिवो जाओ ॥३५॥

પાંચસો સાધુઓને ગોચરી લાવી આપવાથી બાંધેલા પુણ્યાનુબંધી પુણ્યથી ભરત ચક્રવર્તી આશ્ચર્યજનક ચરિત્રવાળા થયા.

૮ मूलं विणा वि दाउं, गिलाणपडिअरणजोगवत्थूणि ।
सिद्धो अ रयणकंबल-चंदणवणिओ वि तंमि भवे ॥३६॥

ગ્લાન સાધુની ચિકિત્સાને યોગ્ય વસ્તુઓ કિંમત લીધા વિના આપીને રત્નકંબલ અને ગોશીર્ષચંદનનો વેપારી તે જ ભવમાં મોક્ષે ગયો.

૯ दाऊण खीरदाणं, तवेण सुसिअंगसाहुणो धणियं ।
जणजणिअचमक्कारो, संजाओ सालिभद्दो वि ॥३७॥

તપથી અત્યંત સૂકવી દીધેલ કાયાવાળા સાધુ ભગવંતને ખીરનું દાન કરીને શાલિભદ્ર લોકોને ચકિત કરનાર (ઋદ્ધિવાળા) થયા.

१० जम्मंतरदाणाओ, उल्लसिआपुव्वकुसलझाणाओ ।
कयवन्नो कयपुन्नो, भोगाणं भायणं जाओ ॥३८॥

ભવાંતરમાં કરેલા દાનથી પ્રગટેલ વિશિષ્ટ શુભ ધ્યાનના પ્રભાવે પુણ્યશાળી કયવન્ના શેઠ ભોગોને ભોગવનારા થયા.

~~ देवेन्द्रसूरिकृतं शीलकुलकम् ~~

६ पज्जलिओ वि हु जलणो,
सीलप्पभावेण पाणीअं होइ ।
सा जयउ जए सीआ,
जीए पयडा जसपडाया ॥३९॥

જેના શીલના પ્રભાવથી ભડભડતો અગ્નિ પણ પાણી થઈ ગયો, જેના યશની પતાકા આજે પણ ફરકે છે, તે સીતા મહાસતી જગતમાં જય પામો.

७ चालणीजलेण चंपाइ, जीए उग्घाडियं दुवारतिगं ।
कस्स न हरेइ चित्तं, तीए चरिअं सुभद्दाए ? ॥४०॥

જેણે ચાલણીમાં ભરેલ પાણીથી ચંપાનગરીના ત્રણ દરવાજા ખોલ્યા, તે સુભદ્રા મહાસતીનું ચરિત્ર કોના ચિત્તને ન હરે ?

९ भद्दं कलावईए, भीसणरण्णंमि रायचत्ताए ।
जं सा सीलगुणेणं, छिन्नंगा पुणन्नवा जाया ॥४१॥

કપાયેલ કાંડાવાળી પણ જે શીલના પ્રભાવે સંપૂર્ણ અંગવાળી થઈ તેવી, રાજા વડે ભયંકર જંગલમાં ત્યજાયેલી કલાવતી સતીનું કલ્યાણ થાઓ.

१२ हरिहरबंभपुरंदर–मयभंजणपंचबाणबलदप्पं ।
लीलाइ जेण दलिओ, स थूलभद्दो दिसउ भद्दं ॥४२॥

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ઈન્દ્રના પણ અભિમાનને તોડી નાખનાર કામદેવનું અભિમાન જેણે સરળતાથી તોડ્યું, તે સ્થૂલભદ્ર અમારું કલ્યાણ કરો.

१३ मणहरतारुण्णभरे, पत्थिज्जंतो वि तरुणिनियरेणं ।
सुरगिरिनिच्चलचित्तो, सो वयरमहारिसी जयउ ॥४३॥

મનોહર યુવાનીમાં, યુવતીઓ વડે ઈચ્છવા છતાં મેરુ જેવા નિશ્ચલ રહેલા વજસ્વામી જય પામો.

१४ थुणिउं तस्स न सक्का,
सड्ढस्स सुदंसणस्स गुणनिवहं ।
जो विसमसंकडेसु वि,
पडिओ वि अखंडसीलधणो ॥४४॥

તે સુદર્શન શ્રાવકના ગુણોના સમૂહને સ્તવવા પણ અમે સમર્થ નથી કે જે આપત્તિમાં આવવા છતાં અખંડ શીલના ધારક રહ્યા.

१७ नियमित्तं नियभाया, नियजणओ नियपियामहो वा ।
नियपुत्तो वि कुसीलो, न वल्लहो होइ लोयाणं ॥४५॥

પોતાનો મિત્ર, ભાઈ, પિતા, દાદા કે પુત્ર પણ દુરાચારી હોય તો લોકોને વહાલો લાગતો નથી.

१८ सव्वेसिं पि वयाणं, भग्गाणं अत्थि कोई पडियारो ।
पक्कघडस्स व कन्ना, न होइ सीलं पुणो भग्गं ॥४६॥

ભાંગેલા બીજા વ્રતોનો ઉપાય છે; પણ પાકા ઘડાના કાંઠાની જેમ, ભાંગેલું શીલ ફરી અખંડ થતું નથી.

१९ वेआलभूअरक्खस-केसरिचित्तयगइंदसप्पाणं ।
लीलाइ दलइ दप्पं, पालंतो निम्मलं सीलं ॥४७॥

નિર્મળ શીલને પાળનાર વ્યક્તિ વેતાલ, ભૂત, રાક્ષસ, સિંહ, ચિત્તા, હાથી કે સર્પનું અભિમાન સહજમાં તોડી નાખે છે.

## ~~ देवेन्द्रसूरिकृतं तपकुलकम् ~~

३ अथिरं पि थिरं, वंकं पि उज्जुअं, दुल्लहं पि तह सुलहं ।
दुस्सज्झं पि सुसज्झं, तवेण संपज्जए कज्जं ॥४८॥

તપથી અસ્થિર વસ્તુ પણ સ્થિર થઈ જાય, વાંકું હોય તે સીધું થઈ જાય, દુર્લભ વસ્તુ સુલભ થઈ જાય, દુઃસાધ્ય કાર્ય પણ સુસાધ્ય થઈ જાય.

४ छट्ठं छट्ठेण तवं, कुणमाणो पढमगणहरो भयवं ।
अक्खीणमहाणसीओ, सिरिगोयमसामिओ जयउ ॥४९॥

છટ્ઠને પારણે છટ્ઠ કરનારા, પ્રથમ ગણધર, અક્ષીણ-મહાનસ લબ્ધિના ધારક શ્રી ગૌતમસ્વામી ભગવંત જય પામો.

५ सोहइ सणंकुमारो, तवबलखेलाइलद्धिसंपन्नो ।
निट्ठुअ-खवडियंगुलिं, सुवण्णसोहं पयासंतो ॥५०॥

તપના પ્રભાવે ખેલૌષધિ વગેરે લબ્ધિને પામેલા થૂંક લગાડેલી આંગળીને સોના જેવી ચમકતી કરનારા સનત્કુમાર શોભે છે.

१० अनिआणस्स विहिए, तवस्स तविअस्स किं पसंसामो ? ।
किज्जइ जेण विणासो, निकाइयाणं पि कम्माणं ॥५१॥

વિધિપૂર્વક કરાતા નિદાનરહિત તપની શું પ્રશંસા કરીએ ? કે જેનાથી નિકાચિત કર્મનો પણ નાશ કરાય છે.

११ अइदुक्करतवकारी, जगगुरुणा कण्हपुच्छिएण तया ।
वाहरिओ स महप्पा, समरिज्जओ ढंढणकुमारो ॥५२॥

કૃષ્ણના પ્રશ્નના જવાબમાં નેમિનાથ ભગવાને જેને સૌથી વધુ દુષ્કર તપ કરનારા કહ્યા, તે ઢંઢણઋષિ સ્મરણીય છે.

१४ सेणियपुरओ जेसिं, पसंसिअं सामिणा तवोरूवं ।
ते धन्ना धन्नमुणी, दुण्ह वि पंचुत्तरे पत्ता ॥५३॥

શ્રેણિક આગળ જેમના તપની મહાવીર સ્વામી ભગવાને પ્રશંસા કરી તે ધન્ય એવા બંને (અનશન કરનાર શાલિભદ્રના બનેવી અને છટ્ઠને પારણે છટ્ઠ કરનાર કાકંદીના) ધન્ના મુનિવરો સર્વાર્થસિદ્ધમાં ગયા.

१६ जं विहिअमंबिलतवं, बारसवरिसाइं सिवकुमारेण ।
तं दट्ठुं जंबुरूवं, विम्हइओ सेणिओ राया ॥५४॥

જેણે શિવકુમારના ભવમાં બાર વર્ષ આયંબિલ કર્યા, તેને જંબૂરૂપે જોઈને શ્રેણિક રાજા પણ ચકિત થઈ ગયા.

१७ जिणकप्पिअ-परिहारिअ-पडिमापडिवन्नलंदयाइणं ।
सोऊण तवसरूवं, को अन्नो वहउ तवगव्वं ? ॥५५॥

જિનકલ્પી, પરિહારવિશુદ્ધિતપવાળા, પ્રતિમાધારી અને યથાલંદિક વગેરેના તપનું સ્વરૂપ જાણ્યા પછી બીજું કોણ તપનું અભિમાન કરે ?

१८ मासद्धमासखवओ, बलभद्दो रूववं पि हु विरत्तो ।
सो जयउ रण्णवासी, पडिबोहिअसावयसहस्सो ॥५६॥

રૂપવાન્ હોવા છતાં વિરક્ત, જંગલમાં જ રહેનાર, માસક્ષમણ અને પંદર દિવસના ઉપવાસ કરનારા અને હજારો જંગલી પશુઓને પ્રતિબોધ કરનારા બલભદ્ર મુનિવર જય પામો.

~~ देवेन्द्रसूरिकृतं भावकुलकम् ~~

४ सुहभावणावसेणं, पसन्नचंदो मुहुत्तमित्तेण ।
खविऊण कम्मगंठिं, संपत्तो केवलं नाणं ॥५७॥

પ્રસન્નચંદ્ર રાજર્ષિ શુભ ભાવનાના પ્રભાવે મુહૂર્તમાત્રમાં કર્મ ખપાવીને કેવળજ્ઞાન પામ્યા.

५ सुस्सूसंती पाए, गुरुणीणं गरहिऊण नियदोसे ।
उप्पन्नदिव्वनाणा, मिगावई जयउ सुहभावा ॥५८॥

પોતાના દોષોની નિંદા કરીને ગુરુણીના ચરણની સેવા કરતી શુભ ભાવથી કેવળજ્ઞાન પામનારી મૃગાવતી મહાસતી જય પામો.

६ भयवं इलाइपुत्तो, गुरुए वंसंमि जो समारूढो ।
दट्ठूण मुणिवरिंदं, सुहभावओ केवली जाओ ॥५९॥

મોટા વાંસ પર ચઢેલા ઈલાચીપુત્ર ભગવંત મુનિવરને જોઈને શુભ ભાવથી કેવલી થયા.

८ खवगनिमंतणपुव्वं, वासिअभत्तेण सुद्धभावेण ।
भुंजंतो वरनाणं, संपत्तो कूरगड्डु वि ॥६०॥

તપસ્વીઓને લાભ આપવાની વિનંતી કરીને નીરસ આહાર વાપરતાં કૂરગડુ મુનિ શુદ્ધ ભાવથી કેવળજ્ઞાન પામ્યા.

९ पुव्वभवसूरिविरइअ-नाणासाअणपभावदुम्मेहो ।
नियनामं झायंतो, मासतुसो केवली जाओ ॥६१॥

પૂર્વભવમાં આચાર્યપણામાં કરેલી જ્ઞાનની આશાતનાથી મંદબુદ્ધિ થયેલા માસતુસ મુનિ પોતાના નામનું ('માસતુસ') ધ્યાન કરતાં કેવલી થયા.

૧૩ जीवस्स सरीराओ, भेअं नाउं समाहिपत्ताणं ।
उप्पाडिअनाणाणं, खंदगसीसाणं तेसिं नमो ॥६२॥

શરીરથી આત્માનો ભેદ જાણીને સમાધિમગ્ન થયેલા કેવળજ્ઞાન પામનાર ખંધકસૂરિના શિષ્યોને નમસ્કાર થાઓ.

૧૭ सिरिचंडरुद्दगुरुणा, ताडिज्जंतो वि दंडघाएण ।
तक्कालं तस्सीसो, सुहलेसो केवली जाओ ॥६३॥

શ્રી ચંડરુદ્ર ગુરુ વડે લાકડીથી મરાતા એવા તેમના શિષ્ય શુભલેશ્યાથી તત્ક્ષણ કેવલી થયા.

૧૨ पन्नरसयतावसाणं, गोअमनामेण दिन्नदिक्खाणं ।
उप्पन्नकेवलाणं, सुहभावाणं नमो ताणं ॥६४॥

ગૌતમસ્વામીએ દીક્ષા આપેલા, શુભ ભાવથી કેવળજ્ઞાન પામેલા પંદરસો તાપસોને નમસ્કાર થાઓ.

૧૮ जं न हु भणिओ बंधो, जीवस्स वहे वि समिइगुत्ताणं ।
भावो तत्थ पमाणं, न पमाणं कायवावारो ॥६५॥

કર્મબંધમાં ભાવ જ કારણ છે, કાયાની પ્રવૃત્તિ નહીં. કારણકે સમિતિ-ગુપ્તિમાં ઉપયોગવાળાને જીવની હિંસા થાય તો પણ કર્મબંધ કહ્યો નથી.

~~~ सोमसुन्दरसूरिकृतं संविग्नसाधुयोग्यनियमकुलकम् ~~~

१२ अपमज्जियगमणंमि, असंडासपमज्जिउं च उवविसणे ।
पाउंछणयं च विणा, उवविसणे पंचनमुक्कारा ॥६६॥

જોયા / પૂંજ્યા વિના ચાલવામાં, સંડાસા પૂંજ્યા વિના બેસવામાં, આસન વિના બેસવામાં પાંચ નવકાર ગણવા.

१३ उग्घाडेण मुहेणं, नो भासे अहव जत्तिया वारा ।
भासे तत्तियमित्ता, लोगस्स करेमि उस्सग्गं ॥६७॥

મુહપત્તિ વગર બોલીશ નહીં અથવા જેટલી વાર બોલું, તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ કરું.

१४ असणे तह पडिक्कमणे,
वयणं वज्जे विसेसकज्जं विणा ।
सक्कीयमुवहिं च तहा,
पडिलेहंतो न बेमि सया ॥६८॥

વાપરતી વખતે અને પ્રતિક્રમણમાં વિશેષ કાર્ય વિના બોલીશ નહીં અને પોતાની ઉપધિનું પડિલેહણ કરતાં ક્યારેય નહીં બોલું.
~~~

१६ सक्कीयमुवहिमाइ, पमज्जिउं निक्खिवेमि गिण्हेमि ।
जइ न पमज्जेमि तओ, तत्थेव कहेमि नमुक्कारं ॥६९॥

પોતાની ઉપધિને પૂંજીને જ લઈશ કે મૂકીશ. જો ન પૂંજ્યું, તો ત્યાં જ નવકાર ગણીશ.

१९ अणुजाणह जस्सुग्गह, कहेमि उच्चारमत्तगड्डाणे ।
तह सन्नाडगलगजोग-कप्पतिप्पाइ वोसिरे तिगं ॥७०॥

લઘુનીતિ-વડીનીતિના સ્થાને 'અણુજાણહ જસ્સુગ્ગહો' કહીશ. અને લઘુનીતિ-વડીનીતિ-ડગલ-લેપ-પાતરા ધોયા પછીનું પાણી વગેરે પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે' કહીશ.

३१ दव्वखित्ताइगया, दिणे दिणे अभिग्गहा गहेअव्वा ।
जीयम्मि जओ भणियं, पच्छित्तमभिग्गहाभावे ॥७१॥

રોજ દ્રવ્ય-ક્ષેત્ર વગેરેના અભિગ્રહ લેવા, કારણકે જીતકલ્પમાં અભિગ્રહ ન લેનારને પ્રાયશ્ચિત્ત જણાવ્યું છે.

३४ चउवीसं वीसं वा, लोगस्स करेमि काउस्सग्गंमि ।
कम्मखयट्ठा पइदिण, सज्झायं वा वि तम्मित्तं ॥७२॥

કર્મક્ષય માટે રોજ ૨૪ કે ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરીશ. અથવા એટલો (કાઉસ્સગ્ગમાં) સ્વાધ્યાય કરીશ.

३६ सेहगिलाणाइणं, विणा वि संघाडयाइसंबंधं ।
पडिलेहणमल्लग-परिठवणाइ कुव्वे जहासत्ति ॥७३॥

સંઘાટક વગેરે સંબંધ વગર પણ નૂતન દીક્ષિત, ગ્લાન, તપસ્વી વગેરેના પડિલેહણ, કફનો પ્યાલો પરઠવવો વગેરે શક્તિ મુજબ કરીશ.

३७ वसहिपवेसे निग्गंमि, निसीहिआवस्सियाण विस्सरणे।
पायापमज्जणे वि य, तत्थेव कहेमि नवकारं ॥७४॥

મકાનમાં પ્રવેશ કરતાં-નીકળતાં નિસીહિ-આવસ્સહિ ભૂલાઈ જાય કે પગ પ્રમાર્જવા રહી જાય તો ત્યાં જ નવકાર ગણીશ.

३८ भयवं पसाओ करिउं, इच्छाइ अभासणंमि वुड्ढेसु ।
इच्छाकाराकरणे, लहुसु साहुसु कज्जेसु ॥७५॥

કામ પડે ત્યારે વડીલ સાધુને 'ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી..' ન બોલું તો અને નાના સાધુને 'ઇચ્છાકાર' (તમારી ઇચ્છા હોય તો કરો) ન કહું.. તો..

३९ सव्वत्थ वि खलिएसुं, मिच्छाकारस्स अकरणे तह य ।
सयमन्नाउ वि सरिए, कहियव्वो पंचनमुक्कारो ॥७६॥

હંમેશાં પ્રમાદ થાય ત્યારે 'મિચ્છા મિ દુક્કડં' ન કરું તો જાતે યાદ આવે કે બીજા યાદ કરાવે ત્યારે નવકાર ગણીશ.

४० वुड्ढस्स विणा पुच्छं, विसेसवत्थुं न देमि गिण्हे वा ।
अन्नं पि अ महकज्जं, वुड्ढं पुच्छिय करेमि सया ॥७७॥

વડીલને પૂછ્યા વિના વિશેષ વસ્તુ આપીશ કે લઈશ નહીં. બીજું પણ મોટું કાર્ય હંમેશાં વડીલને પૂછીને જ કરીશ.

~~ अज्ञातमहर्षिकृता यतिशिक्षापंचाशिका ~~

५ गुरुसेवा चेव फुडं, आयारंगस्स पढमसुत्तंमि ।
इय नाउं निअगुरु-सेवणंमि कह सीअसि सकन्न ? ॥७८॥

હે ભાગ્યશાળી ! આચારાંગ સૂત્રના પહેલા જ સૂત્રમાં સ્પષ્ટપણે ગુરુસેવાનો ઉપદેશ છે. એ જાણીને પણ પોતાના ગુરુની સેવામાં કેમ પ્રમાદ કરે છે ?

६ ता सोम ! इमं जाणिअ, गुरुणो आराहणं अइगरिट्ठं ।
इहपरलोअसिरीणं, कारणमिणमो विआण तुमं ॥७९॥

માટે હે સૌમ્ય ! ગુરુની આરાધના એ અતિ મહાન છે એ જાણીને, આલોક-પરલોકના સુખોનું તે કારણ છે, એમ જાણ.

९ जइ तुह गुणरागाओ,
संथुणइ नमंसइ इहं लोओ ।
न इ तुज्झणुरागाओ,
कह तंमि तुमं वहसि रागं ? ॥८०॥

જો આ લોકો તારા ગુણના રાગથી નમે છે, સ્તુતિ કરે છે, તારા પરના રાગથી નહીં; તો તે લોકો પર તું શા માટે રાગ કરે છે ?

११ जो गिण्हइ तुह दोसे,
दुहजणए दोसगहणतल्लिच्छो ।
जह कुणसि नेव रागं,
कह रोसो जुज्जए तत्थ ? ॥८१॥

જો કોઈ દોષને જોનારો તને દુઃખ આપનારા તારા દોષોનું ગ્રહણ કરે છે (તો ખુશ થવું જોઈએ તેના બદલે) તેના પર જો રાગ નથી કરતો, તો પણ રોષ કરવો કઈ રીતે યોગ્ય છે ?

१४ जइ परगुणगहणेण वि,
गुणवंतो होसि इत्तिएणावि ।
ता किं न करेसि तुमं,
परगुणगहणं पि रे पाव ! ? ॥८२॥

જો માત્ર બીજાના ગુણ ગ્રહણ કરવાથી પણ ગુણવાન્ બનાય છે, તો હે પાપી ! શા માટે બીજાના ગુણ ગ્રહણ નથી કરતો ?

१६ जेहिं दोसेहिं अन्ने,
दूससि गुणगव्विओ तुमं मूढ ! ।
ते वि हु दोसट्ठाणे,
किं न चयसि ? पाव ! धिट्ठो सि ॥८३॥

હે મૂઢ ! ગુણનો અભિમાની એવો તું જે દોષો માટે બીજાની નિંદા કરે છે, તે જ દોષોને તું પોતે કેમ છોડતો નથી ? પાપી ! આ તારી ધૃષ્ટતા છે.

૨૭ अन्नं च किं पडिक्खसि ?,
का ऊणा तुज्झ इत्थ सामग्गी ? ।
जं इह भवाउ पुरओ,
भाविभवेसुं समुज्जमिसि ? ॥८४॥

બીજા શેની રાહ જુએ છે ? અહીંયાં તને કઈ સામગ્રી ઓછી છે ? કે જે આ ભવ પછીના ભવોમાં પુરુષાર્થ કરીશ (એમ વિચારીને હમણાં નથી કરતો) ?

૨૮ इह पत्तो वि सुधम्मो, तं कूडालंबणेण हारिहिसि ।
भाविभवेसुं धम्मे, संदेहो तं समीहेसि ॥८५॥

અહીં મળેલો ધર્મ, ખોટા બહાના કાઢીને હારી જાય છે. અને ભવિષ્યના ભવોમાં ધર્મ મળવાની ય શંકા છે, તે મેળવવા ઈચ્છે છે.

३२ समसत्तुमित्तचित्तो, निच्चं अवगणियमाणअवमाणो ।
मज्झत्थभावजुत्तो, सिद्धंतपवित्तचित्तंतो ॥८६॥

શત્રુ-મિત્ર પર સમાન મનવાળો, સદા માન-અપમાન અવગણનારો, મધ્યસ્થભાવથી યુક્ત, શાસ્ત્રથી પવિત્ર ચિત્તના સ્વરૂપવાળો...

३३ सज्झाणझाणनिरओ, निच्चं सुसमाहिसंठिओ जीव !।
जइ चिट्ठसि ता इहयं पि, निव्वुई किं च परलोए ? ॥८७॥

સ્વાધ્યાય-ધ્યાનમાં નિરત, સદા સમાધિમાં મગ્ન જો રહીશ, તો અહીંયાં જ મોક્ષ છે. પરલોકની શું જરૂર છે ?

४१ वसइ गिरिनिकुंजे भीसणे वा मसाणे,
वणविडवितले वा सुन्नगारे व रन्ने ।
हरिकरिपभिईणं भेरवाणं अभीओ,
सुरगिरिथिरचित्तो झाणसंताणलीणो ॥८८॥

(જે મુનિઓ) પર્વતની ગુફા, ભયંકર સ્મશાન, જંગલી વૃક્ષ નીચે, શૂન્યગૃહ કે જંગલમાં રહે છે, ભયંકર સિંહ-હાથી વગેરેથી ડરતાં નથી, મેરુપર્વત જેવા સ્થિર ચિત્તવાળા, ધ્યાનની પરંપરામાં લીન...

४२ जत्थेव सूरो समुवेइ अत्थं,
तत्थेव झाणं धरइ पसत्थं ।
वोसट्ठकाओ भयसंगमुक्को,
रउद्दखुद्देहिं अखोहणिज्जो ॥८९॥

ભય કે આસક્તિથી રહિત, રૌદ્ર કે ક્ષુદ્ર ઉપસર્ગોથી અચળ, જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાં જ કાઉસ્સગ્ગ કરીને, પ્રશસ્ત ધ્યાન ધરે છે...

૪૩ एसइ उज्झिअधम्मं, अंतं पंतं च सीअलं लुक्खं ।
अक्कोसिओ हओ वा, अदीणविद्दवणमुहकमलो ॥९०॥

સૂકી-ઠંડી-લુખ્ખી અને કાઢી નાખવા યોગ્ય ગોચરી વહોરે છે. કોઈ આક્રોશ કરે કે મારે તો પણ મોઢા પર દીનતા કે રોષ નથી લાવતા...

૪૪ इअ सोसंतो देहं, कम्मसमूहं च धिइबलसहाओ ।
जो मुणिपवरो एसो, तस्स अहं निच्चदासु म्हि ॥९१॥

આ પ્રમાણે ધૃતિબળથી શરીર અને કર્મના સમૂહને શોષવતા જે મુનિશ્રેષ્ઠ છે, તેનો હું સદા દાસ છું.

૪૭ धन्ना हु बालमुणिणो, कुमारभावंमि जे उ पव्वइआ ।
निज्जिणिऊण अणंगं, दुहावहं सव्वलोआणं ॥९२॥

તે બાળમુનિઓને ધન્ય છે કે જેમણે સર્વ જગતને દુઃખ આપનાર કામદેવને જીતીને કુમારઅવસ્થામાં જ દીક્ષા લીધી.

૪૮ जं उज्जमेण सिज्झइ, कज्जं न मणोहरेहिं कइआ वि ।
न हि सुत्तनरमुहे, तरुसिहराओ सयं फलं पडइ ॥९३॥

કાર્યો પ્રયત્નથી જ સિદ્ધ થાય છે, માત્ર ઇચ્છાથી નહીં. સૂતેલા માણસના મોઢામાં વૃક્ષની શાખા પરથી ફળ પોતાની મેળે પડતું નથી.

~~ पूर्वाचार्यसन्दृब्धा चारित्रमनोरथमाला ~~

५ कइआ आमरणंतं, धनमुणिनिसेवियं च सेविस्सं ।
निस्सेसदोसनासं, गुरुकुलवासं गुणवासं ? ॥९४॥

ક્યારે હું ઉત્તમ મુનિવરોએ આજીવન સેવેલા, સર્વ દોષના નાશક, ગુણોના ધામ એવા ગુરુકુળવાસને સેવીશ ?

६ कइया सारण-वारण-चोयण-पडिचोयणाइ सम्ममहं ।
कंमि वि पमायखलिए, साहूहिं कयं सहिस्सामि ? ॥९५॥

પ્રમાદથી કાંઈપણ ભૂલ થતાં, સાધુઓએ કરેલ સારણા-વારણા-ચોયણા-પડિચોયણાને હું ક્યારે સારી રીતે સહન કરીશ ?

७ अतुरियमचवलमसंभम-
वक्खेवविवज्जिओ कया मग्गे ।
जुगमित्तनिहियदिट्ठी,
पुरओ इरियं विसोहिस्सं ? ॥९६॥

ક્યારે ઝડપ-ચંચળતા-સંભ્રમ (બેધ્યાનપણું) અને વ્યાક્ષેપ (અન્યત્ર ધ્યાન જવું)થી રહિત થઈને માર્ગમાં આગળ યુગ (ગાડાની ધૂંસરી) જેટલી ભૂમિમાં નજર રાખીને ઈર્યાસમિતિ પાળીશ ?

८ मियमहुरं अणवज्जं, कइया कज्जे वयं वइस्सामि ।
सोहिस्सामि य कइया, बायालीसेसणादोसे ? ॥९७॥

હું ક્યારે જરૂર પડે ત્યારે જ અલ્પ, મધુર અને નિરવદ્ય વચન બોલીશ ? અને ક્યારે બેંતાલીસ એષણાદોષોનો ત્યાગ કરીશ ?

९ पडिलेहिय सुपमज्जिय,
उवगरणायाणमोयणे कइया ? ।
सुनिरिक्खिय सुपमज्जिय,
थंडिलखेलाइपरिठ्ठवणं ? ॥९८॥

ક્યારે ઉપકરણોનું પડિલેહણ-પ્રમાર્જન કરીને જ લઈશ / મૂકીશ ? ક્યારે નિર્જીવ ભૂમિમાં સારી રીતે જોઈ / પ્રમાર્જીને જ કફ વગેરે પરઠવીશ ?

१० मणवयणकायाण कया, कुसलाण पवत्तणेण इयराण ।
सम्मं नियत्तणेणं, तिगुत्तिगुत्तो भविस्सामि ? ॥९९॥

ક્યારે મન-વચન-કાયાના શુભ યોગોની પ્રવૃત્તિ અને અશુભના નિયંત્રણપૂર્વક ત્રણ ગુપ્તિવાળો થઈશ ?

११ विच्छिन्नविसयवंछो, देहविभूसाइवज्जिओ कइआ ।
परिजुन्नमयलवत्थो, सामन्नगुणे धरिस्सामि ? ॥१००॥

ઈન્દ્રિયોના વિષયોની ઇચ્છાથી રહિત, શરીરની વિભૂષા વિનાનો, જીર્ણ-મલિન વસ્ત્રવાળો એવો હું ક્યારે શ્રમણના ગુણોને ધારણ કરીશ ?

१५ परदूसणपरिमुक्को, अत्तुक्करिसम्मि विमुहपरिणामो ।
दसविहसामायारी-पालणनिरओ कया होहं ? ॥१०१॥

હું ક્યારે બીજાના દોષ જોવાથી મુક્ત, આત્મપ્રશંસાથી વિમુખ અને દશવિધ સામાચારીના પાલનમાં નિરત થઈશ ?

૧૬ सहमाणो य परीसह-सिन्नं नीउच्चमज्झिमकुलेसुं ।
लद्धावलद्धवित्ती, अन्नायउंछं गवेसिस्सं ? ॥१०२॥

પરીષહોની સેનાને સહન કરતો, ગોચરી મળે કે ન મળે તો પણ જેને સાધુ આવવાની જાણ નથી તેવા ઘરેથી (અજ્ઞાત-ઉંછ) જ ગોચરી લેતો ગરીબ-શ્રીમંત સર્વ કુળોમાં ફરીશ ?

૧૭ रागद्दोसविउत्तो, संजोयणविरहिओ कया कज्जे ।
पन्नगबिलोवमाए, भुंजिस्सं सम्ममुवउत्तो ? ॥१०३॥

ક્યારે વાપરવા માટેનું કારણ હોય તો જ, રાગ-દ્વેષ વિના, સંયોજના કર્યા વગર, સમ્યગ્ ઉપયોગપૂર્વક સર્પના દરમાં પ્રવેશની જેમ (આહારને મોઢામાં સ્વાદ માટે ફેરવ્યા વગર) વાપરીશ ?

૧૯ परपरिवायविरत्तो,
समचित्तो सत्तुमित्तसत्तेसु ।
कइया विगहारहिओ,
सज्झायपरो भविस्सामि ? ॥१०४॥

ક્યારે હું પરનિંદાથી વિરક્ત, શત્રુ-મિત્ર બધા જીવો પર સમતાવાળો, વિકથાથી રહિત અને સ્વાધ્યાયમાં પરાયણ થઈશ ?

૨૪ चउहा दिव्वाइकयं, हासपओसाइभेयपडिभिन्नं ।
उग्गउवसग्गवग्गं, अभग्गचित्तो सहिस्सामि ? ॥१०५॥

(ક્યારે હું) હાસ્ય-દ્વેષ વગેરે રૂપે ચાર પ્રકારના દેવ-મનુષ્ય-તિર્યંચથી થયેલા ઉગ્ર ઉપસર્ગોને નિશ્ચલ ચિત્તે સહન કરીશ ?

૨૫ पाणपहाणपरंमि वि, परंमि परिभाविऊण परमत्थं ।
वावारिस्सं कइया, करुणाभरमंथरं दिट्ठिं ? ॥१०६॥

મારી નાખનારા પ્રત્યે પણ (ખરું કારણ મારા કર્મ જ છે, વ્યક્તિ તો નિમિત્તમાત્ર છે, એવા) પરમાર્થ વિચારીને કરુણાસભર દૃષ્ટિ હું ક્યારે નાખીશ ?

૨૭ वाउ व्व अपडिबद्धो, कुम्मो इव गुत्तइंदिओ कइया ।
चंदु व्व सोमलेसो, सूरो इव दित्ततवतेओ ? ॥१०७॥

વાયુની જેમ અપ્રતિબદ્ધ, કાચબાની જેમ ગુપ્તઇન્દ્રિય-વાળો, ચંદ્રની જેવો સૌમ્ય અને સૂર્યની જેમ તપતેજથી ચમકતો ક્યારે થઈશ ?

૨૮ गयणं व निरूवलेवो, होहिं उयहि व्व कइय गंभीरो ।
वासीचंदणकप्पो, भारंडो इव गयपमाओ ? ॥१०८॥

હું ક્યારે આકાશની જેમ નિર્લેપ, સમુદ્રની જેમ ગંભીર, તલવારથી છોલનાર માણસને પણ સુગંધ આપનાર ચંદન જેવો અને ભારંડપક્ષી જેવો અપ્રમત્ત થઈશ ?